RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ પોષ વદ -૪    મંગળવાર, તા.૦૬-૦૧-૨૦૨૬    અંક : ૫૭ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ગુજરાત હાઈકોર્ટ સહિત છ કોર્ટને વિસ્ફોટ કરી ઉડાવી દેવાની ધમકી

## ગુજરાત હાઈકોર્ટ, સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ,અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ખળભળાટ : તમામ કોર્ટ પર સઘન તપાસ હાથ ધરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદમાં આવેલી શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ થોડા દિવસો પહેલા મળ્યા બાદ હવે ગુજરાત હાઈકોર્ટ સહિત સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ભારે ખળભળાટ મચી ગયો છે. એક અજાણ્યા શખસે સોમવારે મોડી રાત્રે સુરત અને અમદાવાદ સહિતની કોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર મેઈલ કરીને આખા બિલ્ડિંગને વિસ્ફોટકથી ઉડાવી દેવાની ધમકી આપી હતી.



આ ધમકીને ગંભીરતાથી લઈને તમામ કોર્ટમાં ન્યાયિક કામગીરી અટકાવીને ડોગ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં છે. આ ધમકીની ગંભીરતાને ધ્યાને રાખીને ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય તમામ જિલ્લાની કોર્ટમાં પ્રવેશબંધી જાહેર કરી દેવાઈ છે. એટલું જ નહીં, આ સિવાય ન્યાયિક કામગીરી પણ તાત્કાલિક ધોરણે બંધ કરી દેવાઈ છે. વહીવટી તંત્રએ વકીલો, સ્ટાફ અને અસીલોને સલામત રીતે પરિસરની બહાર મોકલી દીધા છે.

આ ઘટનાની જાણ થતા જ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

હાલ બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્ક્વોડ દ્વારા પાર્કિંગ, કેન્ટીન અને કોર્ટ બિલ્ડિંગના દરેક માળ પર ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે. જો કે, પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ડીસીપી અજિત રાજિયનના જણાવ્યા મુજબ, ગઈકાલથી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે.

અત્યારે અમારી ટીમ આ અંગે તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં આ પ્રકારની ધમકીના ઈ-મેઈલ ભારત બહારથી કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકારના મેઈલ કરીને લોકોમાં ભય ફેલાવવાનો પ્રયાસ કરાતો હોવાનું લાગી રહ્યું છે. આ દિશામાં અમારી ટીમ દ્વારા તપાસ ચાલુ છે.અમદાવાદ અને સુરતની કોર્ટના સત્તાવાર મેઈલ આઈડી પર સોમવારે રાત્રે આશરે ૨:૦૦ વાગ્યે અંગ્રેજીમાં એક ઈ-મેઈલ આવ્યો હતો. આ મેઈલમાં કોર્ટ બિલ્ડિંગને વિસ્ફોટકો દ્વારા ઉડાવી દેવાની ગંભીર ચેતવણી આપવામાં આવી હતી. આજે વહેલી સવારે જ્યારે કોર્ટના કર્મચારીઓએ ફરજ પર આવીને મેઈલ ચેક કર્યો, ત્યારે આ બાબત સામે આવી હતી.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર અત્યાચાર યથાવત, વધુ એક હિન્દુ યુવકની ઘાતકી હત્યા

## બાંગ્લાદેશમાં ચોવીસ કલાકમાં બીજી ઘટના : અત્યાર સુધીમાં છ હિન્દુઓની થઈ હત્યા

ઢાકા

બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક તણાવ સતત વધી રહ્યો છે. ભીડ દ્વારા લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસાના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં બે હિન્દુ યુવકોની હત્યાના કેસ પ્રકાશમાં આવ્યા છે. જેમાં નરસિંદી જિલ્લામાં એક વેપારીની હત્યા કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસમાં હિન્દુની હત્યાનો આ છઠ્ઠો કેસ છે. જે બાદ બાંગ્લાદેશમાં લઘુમતીઓની સલામતીને લઈને ગંભીર સવાલ ઊભા થઈ રહ્યા છે.

૫ જાન્યુઆરીએ રાત્રિના ૧૦ વાગ્યા બાદ હિન્દુ વેપારી મોની ચક્રવર્તી પર અજ્ઞાત હુમલાખોરોએ ધારદાર હથિયારોથી હુમલો કર્યો. ઈજાગ્રસ્ત મોનીને હોસ્પિટલ લઈ જવાયો. પણ સારવાર દરમિયાન તેણે જીવ ગુમાવ્યો. ગઈકાલે જ બાંગ્લાદેશમાં હિન્દુ પત્રકાર રાણા પ્રતાપ વૈરાગીની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જશોર જિલ્લામાં મનીરામપુર વિસ્તારમાં સોમવારે સાંજે બાઈક સવાર હુમલાખોરો રાણા પ્રતાપ વૈરાગીને ગોળી મારીને ફરાર થઈ ગયા. બાંગ્લાદેશમાં ૬ હિન્દુઓની હત્યા થઈ ચૂકી છે. જેમાં મોની અને રાણા પ્રતાપ સિવાય દીપુ દાસ, અમૃત મંડલ, બજેન્દ્ર વિશ્વાસ, ખોકન દાસ સામેલ છે. દીપુ દાસ પર ઈશનિંદાના આરોપમાં ભીડે હુમલો કર્યો હતો.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કલમાડીનું અવસાન

## લાંબી બીમારી બાદ ૮૨ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કલમાડીનું લાંબી બીમારી બાદ નિધન થયું છે. તેમને સારવાર માટે પૂણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ આજે બપોરે બે વાગ્યા સુધી પૂણેના કલમાડી હાઉસમાં રાખવામાં આવશે. જે બાદ નવી પેઠ સ્થિત વૈકુંઠ સ્મશાન ભૂમિમાં તેમના અંતિમ સંસ્કાર કરાશે.

કોંગ્રેસના દિગ્ગજ નેતા સંજય ગાંધી તેમને રાજકારણમાં લાવ્યા હતા. તે સમયે સુરેશ કલમાડી પૂણેમાં ફાસ્ટફૂડ આઉટલેટ ચલાવતા હતા. તેમને મહારાષ્ટ્ર યુવા કોંગ્રેસની કમાન સોંપવામાં આવી. ૧૯૮૨માં તેઓ રાજ્યસભાના સાંસદ બન્યા. ૧૯૯૬માં તેઓ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ રહ્યા અને ચાર-ચાર વર્ષના બે કાર્યકાળમાં તેમણે પ્રમુખ પદ જાળવી રાખ્યું. તેમના પર કોમનવેલ્થ ગેમ્સમાં કૌભાંડના આરોપ લાગ્યા હતા અને ઝૈંંએ તેમના ઘરે દરોડા પાડી તપાસ પણ કરી હતી. જોકે ગયા વર્ષે જ પુરાવા ન હોવાના કારણે તેમને ક્લીન ચિટ અપાઈ હતી.

નોંધનીય છે કે પૂણેમાં રહેતા સુરેશ કલમાડી ૧૯૬૦ના દાયકામાં ભારતીય વાયુસેનામાં પાયલોટના રૂપમાં સામેલ થયા હતા. ત્યાં તેમણે છ વર્ષ સેવા આપી. બાદમાં તેઓ બે વર્ષ સુધી દ્ગઙ્ઘછમાં ટ્રેનર તરીકે ફરજ બજાવતા હતા. તેમણે વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧ એમ બે વખત પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધમાં પણ સેવા આપી હતી.

# ટ્રમ્પની સતત ધમકી છતાં વડાપ્રધાન મોદી મૌન કેમ? : કોંગ્રેસનો અણિયાળો સવાલ

## કોંગ્રેસે ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવવાના અવારનવાર દાવા તેમજ રશિયા સાથે વેપાર મુદ્દે ટ્રમ્પની ખુલ્લી ધમકી મામલે મૌનને ભારતની નબળી વિદેશ નીતિની નિશાની ગણાવી

નવી દિલ્હી,

ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત અમેરિકાના પ્રમુખ બન્યા તે બાદથી જ ભારત અને અમેરિકાના સંબંધો સતત વણસી રહ્યા છે. રશિયા સાથેના ભારતના સંબંધો મુદ્દે ટ્રમ્પ સતત દબાણ બનાવી રહ્યા છે અને ભારત પર ટેરિફ પણ લગાવ્યો છે. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પના નવા નિવેદન મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સવાલ ઉઠાવ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે કરેલી ટિપ્પણી બાદ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે, કે મને સમજાતું નથી કે વડાપ્રધાન મોદી ટ્રમ્પની સામે કેમ નમતું જોખી રહ્યા છે. આ નીતિ દેશ માટે સારી નથી. તમારે દેશ માટે ઊભા થવું પડશે. દેશે તમને માથું હલાવવા માટે વડાપ્રધાન નથી બનાવ્યા. ખડગેએ વધુમાં કહ્યું, કે ડોનાલ્ડ ટ્રમ્પ ૭૦ વખત કહી ચૂક્યા છે તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવ્યું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મને ખુશ કરવા માટે ભારતે રશિયાથી ઓઈલની આયાત ઘટાડી છે. આટલું જ નહીં તેમણે ફરી ભારતને ધમકી આપી હતી કે જો ભારત રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ નહીં કરે તો ટેરિફ વધારવામાં આવશે.

ટ્રમ્પના આ નિવેદન બાદ કોંગ્રેસે ૩ સવાલ પૂછ્યા છે : શું ભારતની વિદેશનીતિ અમેરિકા નક્કી કરશે? ટ્રમ્પને ખુશ કરવા માટે ભારતે રશિયાથી ઓઈલની આયાત ઘટાડી? ટ્રમ્પની ધમકીઓ પર વડાપ્રધાન મોદી મૌન કેમ છે?

નોંધનીય છે કે રશિયા અને યુક્રેન વચ્ચે સંઘર્ષ શરૂ થયા બાદ ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થયો હતો. જે બાદ ભારતે રશિયાથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારી હતી. જેને લઈને અમેરિકા સતત નારાજગી વ્યક્ત કરતું રહ્યું છે. અમેરિકાનો આરોપ છે કે ઓઈલ ખરીદીને ભારત યુદ્ધમાં રશિયાની મદદ કરી રહ્યું છે. જોકે અગાઉ પણ ભારતે આ અંગે સ્પષ્ટતા કરી હતી કે અમે ભારતીયોના હિત માટે જ્યાંથી સારી કિંમતમાં ઓઈલ મળશે ત્યાંથી ખરીદીશું.

# ચાલુ વર્ષ દરમિયાન કાચા તેલના ભાવમાં ઘટાડાની શક્યતા

## એસબીઆઈ રીસર્ચના એક વિશ્લેષણમાં તેલના ભાવ ઘટે તેવો આશાવાદ વ્યક્ત કરાયો : ભાવ ઘટે તો મોંઘવારીમાં લોકોને મળશે રાહત

નવી દિલ્હી,

મધ્યમ વર્ગ માટે ૨૦૨૬નું વર્ષ થોડી રાહત આપનારું સાબિત થાય તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. એસબીઆઈ રીસર્ચના એક વિશ્લેષણ અનુસાર, વર્ષ ૨૦૨૬માં ક્રુડ ઓઈલની કિંમતમાં ધરખમ ઘટાડો થવાનાં એંધાણ છે. જૂન સુધીમાં તે ૫૦ ડોલર સુધીની સપાટીએ પંહોચી શકે છે. જો અહેવાલનો દાવો સાચો ઠરે છે તો આ વર્ષે પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ ઘટાડો નોંધાઈ શકે છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ ૬૧.૭૬ ડોલર અને WTI ક્રૂડ ૫૮.૨૯ ડોલર પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે.અહેવાલ મુજબ અંદાજ છે કે વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં બ્રેન્ટ ક્રૂડની સરેરાશ કિંમત ૫૫ ડોલર રહી શકે છે, જેનું મુખ્ય કારણ તેલના ભંડારમાં થતો વધારો છે. SBI ગ્રુપના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્ય કાંતિ ઘોષના જણાવ્યા અનુસાર, બ્રેન્ટ ક્રૂડ અને ઈન્ડિયન બાસ્કેટની કિંમતો વચ્ચે ગાઢ સંબંધ હોવાથી આંતરરાષ્ટ્રીય ઘટાડાની સીધી અસર ભારતીય બજાર પર પડશે.

આ ઘટાડાથી દેશના આર્થિક વિકાસને વેગ મળશે અને મોંઘવારી દર અંકુશમાં લેવામાં મદદ મળશે.ટેકનિકલ વિશ્લેષણના આધારે રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતીય કાચા તેલની વર્તમાન કિંમતો ૫૦ અને ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી નીચે ચાલી રહી છે. આ સંકેત આપે છે કે ભવિષ્યમાં કિંમતો ૬૨.૨૦ ડોલરના વર્તમાન સ્તરથી પણ નીચે જઈ શકે છે. તેલના ભાવમાં ઘટાડો થવાથી પરિવહન ખર્ચ ઘટશે, જેની સીધી અસર જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પણ જોવા મળી શકે છે.

હાલના આંકડાઓ પર નજર કરીએ તો, પોર્ટ બ્લેર (અંદામાન અને નિકોબાર) માં પેટ્રોલ રૂા.૮૨.૪૬ અને ડીઝલ રૂા.૭૮.૦૫ પ્રતિ લિટર સાથે દેશમાં સૌથી સસ્તું મળી રહ્યું છે. આ ઉપરાંત ઈટાનગર, સેલવાસ, દમણ અને ઉત્તરાખંડના હરિદ્વાર




તથા દહેરાદૂન જેવા શહેરોમાં પણ પેટ્રોલ ?૯૧ થી ?૯૪ ની રેન્જમાં ઉપલબ્ધ છે. ડીઝલની વાત કરીએ તો જમ્મુ, ચંદીગઢ અને કઠુઆ જેવા શહેરોમાં પણ કિંમતો અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી ઓછી છે. જો ક્રૂડ ઓઈલ ૫૦ ડોલર સુધી પહોંચશે, તો આ ભાવમાં વધુ ઘટાડો થવાની પૂરેપૂરી શક્યતા છે.

# કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની તબિયત બગડતા હોસ્પીટલમાં દાખલ કરાયા

નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબિયત બગડતા તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સોમવારે મોડી સાંજે તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીને જૂની ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ થવાના કારણે દાખલ કરવામાં આવ્યા છે.

હોસ્પિટલ દ્વારા મળતી માહિતી મુજબ, હાલ તેમની તબિયત સ્થિર



છે. તેમને ચેસ્ટ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એક રેગ્યુલર ચેકઅપનો એક ભાગ છે. દિલ્હીમાં વધી રહેલા પ્રદૂષણને કારણે તેમને ખાંસીની સમસ્યા વધી હતી, જેના નિવારણ માટે તેઓ તપાસ કરાવી રહ્યા છે.

# અમેરિકા વેનેઝુએલા સાથે યુદ્ધ નહીં કરે, અર્થ વ્યવસ્થા સુધરવાનો ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યો સંકેત

## વેનેઝુએલા પર પૂર્ણ નિયંત્રણનો ટ્રમ્પનો દાવો : દેશની સ્થિતિ થાળે પડ્યા બાદ નવી ચૂંટણી શક્ય બનશે

વોશિંગ્ટન ડીસી,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાની સ્થિતિ અંગે અત્યંત મહત્ત્વનું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા વેનેઝુએલા સાથે કોઈ યુદ્ધમાં નથી, પરંતુ ત્યાં અત્યારે તાત્કાલિક ચૂંટણી કરાવવાનું કોઈ દબાણ પણ કરવામાં આવશે નહી. ટ્રમ્પના મતે, ચૂંટણી પહેલા દેશને સ્થિર કરવો અને ત્યાંની ભાંગી પડેલી વ્યવસ્થાને ફરી બેઠી કરવી પ્રાથમિકતા છે.

એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી ૩૦ દિવસમાં વેનેઝુએલામાં ચૂંટણી શક્ય નથી. તેમણે કહ્યું, 'અમારે પહેલા દેશને ઠીક કરવો પડશે. જો લોકો વોટ આપી શકવાની સ્થિતિમાં જ ન હોય, તો ચૂંટણી કેવી રીતે કરાવી શકાય? અત્યારે અમેરિકાનું પૂરું ધ્યાન ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવા પર છે.'ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે એક મહત્વાકાંક્ષી આર્થિક યોજના રજૂ કરી છે, જેમાં અમેરિકન તેલ કંપનીઓની ભૂમિકા અત્યંત નિર્ણાયક રહેશે. આ પ્લાન મુજબ, વેનેઝુએલાના ભાંગી પડેલા એનર્જી સેક્ટરને ફરીથી કાર્યરત કરવાની જવાબદારી અમેરિકન કંપનીઓ સંભાળશે, જેનાથી દેશના આર્થિક પુનરુત્થાનને વેગ મળશે. ટ્રમ્પનો અંદાજ છે કે આ સમગ્ર પ્રક્રિયા ૧૮ મહિનાથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરી શકાય તેમ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ પ્રોજેક્ટ માટેનો પ્રારંભિક ખર્ચ તેલ કંપનીઓ પોતે જ ભોગવશે અને ત્યારબાદ તેલના વેચાણમાંથી થતી આવક દ્વારા તેઓ પોતાની લાગત વસૂલ કરી શકશે.જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે હાલમાં વેનેઝુએલાનું સંચાલન કોણ કરી રહ્યું છે, ત્યારે તેમણે માત્ર એક શબ્દમાં જવાબ આપ્યો હતો- 'હું' તેમણે વધુમાં કહ્યું કે, 'વિદેશ મંત્રી માર્કો રુબિયો વેનેઝુએલાના નેતૃત્વ સાથે સતત સંપર્કમાં છે.

# વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ ભવન પાસે ફરી ફાયરિંગ : ડ્રોન જોવા મળતાં ફફડાટ

## વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રિગ્સે વચગાળાના રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધાના ગણતરીના કલાકોમાં જ બનેલી ઘટના : સૈન્યએ ડ્રોન તોડી પાડ્યા

કારાકસ

વેનેઝુએલાના રાજધાની કારાકસ સ્થિત રાષ્ટ્રપતિ ભવન નજીક ફાયરિંગ અને વિસ્ફોટકના અવાજ સંભાળા હતા. સુરક્ષા દળોએ રાષ્ટ્રપતિ ભવન પર કેટલાક અજાણ્યા ડ્રોન ઉડતાં જોઈને તેના પર ફાયરિંગ કર્યું હતું. આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે આશરે ૮ કલાકે બની હતી. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો હતો. આ ઉપરાંત કેટલાક વિસ્તારમાં વીજળી પણ ગુલ થઈ હોવાના અહેવાલ છે. સુરક્ષા દળોની કાર્યવાહીના કારણે હવે સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી ક્લિપમાં ફાયરિંગનો અવાજ પણ સંભળાય છે. ઉપરાંત આકાશમાંથી ટ્રેસર ફાયરની તસવીરો પણ સામે આવી છે. જેની મદદથી ડ્રોનને વેનેઝુએલાની સેના તોડી પાડવાની કોશિશ કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાલ સ્થિતિ કાબુમાં છે પરંતુ દેશની રાજધાનીમાં તણાવનો માહોલ છે. આ સમગ્ર ઘટનાક્રમ વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રિગ્સે વચગાળાના રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધાના ગણતરીના કલાકોમાં જ બન્યો હતો. નિકોલસ માદુરોની અમેરિકાએ સ્પેશિયલ ઓપરેશન અંતર્ગત ધરપકડ કર્યા બાદ તેને ડ્રગ્સ સંબંધિત કેસમાં ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.સુનાવણી દરમિયાન માદુરોએ તેના પર લગાવવામાં આવેલા આરોપો નકાર્યા હતા અને ખુદને નિર્દોષ જાહેર કર્યો હતો.

# આણંદના ચિખોદરા ગામના વેપારી સાથે રૂ.૪.૧૫ કરોડની છેતરપિંડી

## ઝિમ્બાબ્વેના પિતાપુત્રોએ હાઈડ્રોકલોરિક એસિડની ખરીદી કર્યા બાદ નાણાં નહીં ચૂકવતા વેપારીએ નોંધાવી પોલીસ ફરિયાદ

આણંદ,

આણંદ પાસેના ચિખોદરા ગામે ભાગીદારી પેઢી ધરાવતા વેપારીને બે ગઠિયાઓએ પૂર્વ આયોજિત ષડયંત્ર રચીને પેઢી પાસેથી માલ મંગાવી નાણાં નહીં ચૂકવી રૂપિયા ૪.૧૫ કરોડનો ચૂનો ચોપડો હતો. ભાગીદારી પેઢીને આથક નુકસાન કરતા વેપારીએ નાણાંની ઉઘરાણી કરતા ફોન ઉપર ગઠિયાએ જાનથી મારી નાખવાની ધમકી આપતા વેપારીએ આણંદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વડોદરા ખાતે રહેતા વિરેન્દ્ર ભગુભાઈ પટેલની આણંદ પાસેના ચિખોદરા ખાતે ભાગીદારી પેઢી આવેલી છે. ઘણા સમયથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે માલ સામાનનું હોલસેલ વેચાણ કરે છે. મૂળ ગુજરાતના જામનગરના અને હાલ ઝિમ્બાબ્વે ખાતે રહેતા દીપકભાઈ મહેન્દ્રભાઈ મોડ અને કૃણાલ દીપકભાઈ મોડ ઝિમ્બાબ્વેમાં બ્લેક મેટલ ઈન્ટરનેશનલ કંપની ચલાવે છે અને કોપર અને સ્ક્રેપ વેચવાનો વ્યવસાય કરે છે, તેવી છાપ ઊભી કરી હતી. સુરતના એક પરિચિત દ્વારા આ બંને શખ્સો વિરેન્દ્રભાઈ પટેલના સંપર્કમાં આવ્યા હતા અને સાથે મળી વ્યવસાય કરવા જણાવ્યું હતું. ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ વિરેન્દ્રભાઈ અને અન્ય ભાગીદારો ઝિમ્બાબ્વે રૂબરૂ મુલાકાતે ગયા હતા. જ્યાં આ બંને શખ્સોએ મીટીંગો યોજી ભાગીદારોને વિશ્વાસમાં લીધા હતા.

ત્યારબાદ ૨૩ - ૫ - ૨૦૨૫ના રોજ ૨૬ ટન માલની નિકાસ કરવામાં આવી હતી અને બાદમાં ૧૦ - ૬ - ૨૦૨૫ના રોજ ૨૪.૩૯૫ ટન હાઈડ્રોક્લોરિક એસિડ પણ મોકલી આપવામાં આવ્યો હતો. આ માલનું પેમેન્ટ આંતરરાષ્ટ્રીય બેન્કિંગ ટ્રાન્સફર દ્વારા ચૂકવી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું, પરંતુ માલ મળી ગયા બાદ ઝિમ્બાબ્વેના બંને શખ્સોએ નાણાં ચૂકવ્યા નહોતા. કોપર સ્ક્રેપના બે કન્ટેનરોમાં માલ સામાનની હેરફેરમાં પણ લાખો રૂપિયાની છેતરપિંડી આંચરી હતી. આમ આમ ઝિમ્બાવેના બંને શખ્સોએ કુલ ૪.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી ભાગીદારી પેઢીના ભાગીદારોએ નાણાંની ઉઘરાણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે વિરેન્દ્ર ભગુભાઈ પટેલે આણંદ ગ્રામ્ય પોલીસ મથકમાં દીપકભાઈ મહેન્દ્રભાઈ મોડ અને કૃણાલ દીપકભાઈ મોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દંપતીના છૂટાછેડા માટે છ મહિનાનો કૂલિંગ પિરિયડ ફરજિયાત નથી: હાઈકોર્ટ

## સંમતિપૂર્વકના છૂટાછેડાના કેસમાં ગુજરાત હાઈકોર્ટનો બહુ મહત્ત્વપૂર્ણ ચુકાદો

અમદાવાદ,

લગ્ન જીવનની તકરારો અને વિખવાદોમાં જ્યારે પતિ-પત્ની બંને દ્વારા હિન્દુ મેરેજ એક્ટની કલમ-૧૩ બી હેઠળ સંમતિપૂર્વકના છૂટાછેડા માટે અરજી કરવામાં આવતી હોય છે ત્યારે ફેમીલી કોર્ટ દ્વારા છ મહિનાનો કૂલિંગ ઓફ પિરિયડ આપવામાં આવતો હોય છે, એની પાછળનું કારણ એ હોય છે કે, આ છ મહિનાના સમય દરમિયાન જો પતિ-પત્ની વચ્ચે ફરી સુમેળ સધાય અથવા યુગલ ફરી એકસાથે રહેવા તૈયાર થઈ જાય તો તે માટેનો આ એક કાયદાકીય વિકલ્પ છે.

જોકે, પતિ-પત્ની બંને વચ્ચે કોઈ સંજોગોમાં સુમેળ સધાય તેમ જ ના હોય અને બંનેએ મક્કમતાપૂર્વક છૂટા પડવાનું નક્કી કર્યું હોય તો તેવા સંજોગોમાં છ મહિનાનો આ કૂલિંગ ઓફ પિરિયડ જતો કરી શકાય છે. ગુજરાત હાઈકોર્ટે સંમતિપૂર્વકના આવા જ એક છૂટાછેડાના કેસમાં બહુ મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, સંમતિપૂર્વકના છૂટાછેડા માટે છ મહિનાનો કૂલિંગ ઓફ પિરિયડ ફરજિયાત નથી.

જસ્ટિસ સંગીતા કે. વિશેણ અને જસ્ટિસ નિશા એમ. ઠાકોરની ખંડપીઠે આ અગત્યનો ચુકાદો આપતા એક દંપત્તિના પરસ્પર સંમતિથી છૂટાછેડા માટેની અરજી કલમ-૧૩બી હેઠળની નામંજૂર કરવાના ફેમીલી કોર્ટના હુકમને અયોગ્ય ગણાવી રદબાતલ ઠરાવ્યો હતો અને ઠરાવ્યું હતું કે, સંમતિપૂર્વકના છૂટાછેડાના કિસ્સામાં છ મહિનાનો કૂલિંગ ઓફ પિરિયડ વેવ(જતો) કરી શકાય છે અને તે ફરજિયાત નથી. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, જયારે પતિ-પત્ની(પક્ષકારો) વચ્ચે પુનઃમિલનનો કોઈ અવકાશ નથી. વળી, તેઓ હિન્દુ મેરેજ એકટની કલમ-૧૩બી હેઠળ અરજી રજૂ કરવાની તારીખથી એક વર્ષ કરતાં વધુ સમયથી અલગ રહી રહ્યા છે. બંને પક્ષોએ છૂટાછેડા માટે પરસ્પર સંમતિ આપી છે. તેથી કલમ-૧૩બી(૧)ની જોગવાઈ મુજબ, છ મહિનાનો સમયગાળો તેમ જ એક વર્ષનો સમયગાળો લગભગ પૂરો થઈ ગયો છે.

સંબંધિત પક્ષકારો દ્વારા લેવામાં આવેલા વલણને ધ્યાનમાં લેતાં પણ તેમના પુનઃમિલન કે લગ્નજીવનના જોડાણની કોઈ શક્યતા નથી ત્યારે અદાલતના મતે, પક્ષકારોની વિનંતી સ્વીકારવામાં ના આવે તો તેમની વેદના જ લંબાશે.

## અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી

અમદાવાદ,

ઈક્રમટેક્સ પાસે આવેલી અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી છે. અજાણ્યા શખ્સે ઈ-મેલ મારફતે કોર્ટના આઈડી પર મેલ કરીને ઉડાવવાની ધમકી આપી હતી. ધમકી મળતા કોર્ટની કામગીરી સ્થગિત કરવામાં આવી છે.

આ ઈ-મેલ મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ નવરંગપુરા પોલીસે બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ સાથે કોર્ટમાં તપાસ શરૂ કરી છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી અને તમામ કોર્ટની કામગીરી સ્થગિત કરવામાં આવી તરત જ પોલીસને જાણ કરવામાં આવી જે બાદ પોલીસે બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ સાથે કોર્ટમાં તપાસ શરૂ કરી પણ હજુ સુધી કોઈ જાણકારી સામે આવી નથી.

# સુરેન્દ્રનગરમાં કરોડોના જમીન કૌભાંડની તપાસ માટે SITની રચના : છ અધિકારી કરશે તપાસ

## ભ્રષ્ટાચાર મામલે ગુજરાતમાં કુલ છ સનદી અધિકારીઓ સસ્પેન્ડ થયા

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૦૦ કરોડના જમીન એનએ (બિનખેતી) કરાવવાનું કૌભાંડ રાજ્યભરમાં ચર્ચાનો વિષય બન્યું છે. આ કૌભાંડ મામલે ૪ જાન્યુઆરીના રોજ સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યાં હતા. આજ રોજ આ સમગ્ર મામલાની તપાસ કરવા એસીબી દ્વારા ડીવાયએસપી અને પીઆઇ સહિતના છ અધિકારીઓની એસઆઈટીની રચના કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ૨ જાન્યુઆરીની સવારે ઈડીએ સુરેન્દ્રનગર જિલ્લાના તત્કાલીન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલની તેમના બંગલામાંથી જ ધરપકડ કરી હતી. ઈડીની પ્રાથમિક તપાસમાં ૧૦ કરોડથી વધુ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. છેલ્લા લગભગ ૭ વર્ષમાં ગુજરાતમાં અલગ–અલગ જિલ્લાઓમાં ફરજ બજાવતા ૬ આઈએએસ અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર, લાંચ, જમીન કૌભાંડ, ટેન્ડર ગેરરીતિ અને નૈતિક અધઃપતન જેવા ગંભીર આરોપોના આધારે સસ્પેન્શન કરવામાં આવ્યા છે. ખાસ કરીને સુરત, આણંદ અને જુનાગઢ જેવા જિલ્લાઓમાં કલેક્ટર સ્તરના અધિકારીઓ સામે પગલાં લેવાતા વહીવટી તંત્રની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થયા છે.

ગુજરાત એસીબીના એડિશનલ ડાયરેક્ટર બીપીન આહિરેની અધ્યક્ષતામાં ડેપ્યુટી ડાયરેક્ટર, ડીવાયએસપી અને પીઆઈ સહિત કુલ ૬ લોકોની એસઆઈટી બનાવવામાં આવી છે. આરોપીઓ દ્વારા વસાવેલી અપ્રમાણસર મિલકત અને સુરેન્દ્રનગર એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના અંગેની ઝડપી અને નિષ્પક્ષ તપાસ માટે આ એસઆઈટીની રચના ગુજરાત એસીબીના વડા પિયુષ પટેલ દ્વારા કરવામાં આવી છે.

ઈડી દ્વારા કરવામાં આવેલી તપાસમાં ૧૦ કરોડથી વધુ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. જેથી રાજેન્દ્ર પટેલની ધરપકડ કરવામાં આવી અને અમદાવાદ કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માગ્યા હતા. જોકે, કોર્ટ દ્વારા ૭ જાન્યુઆરી સુધીના રિમાન્ડ આપવામાં આવ્યાં હતા. આજે રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ પણ કરી દેવામા આવ્યાં હતાં. આ કેસમાં હજી તપાસ ચાલી રહી છે. ઈડી દ્વારા સતત તપાસ કરવામાં આવી રહી છે, જેથી આ ૧૫૦૦ કરોડના કૌભાંડમાં અન્ય પણ નામો ખુલે તેવી આશંકાઓ છે. હવે આ કેસની તપાસ કરવા માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે.

# ગુજરાતમાં ઉત્તરાયણ પૂર્વે શીતલહેર નલિયામાં સૌથી વધુ ૭ ડિગ્રી ઠંડી નોંધાઈ

## સૌરાષ્ટ્ર - કચ્છ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ઠંડીની જમાવટ : આગામી સાત દિવસ ઠંડી યથાવત રહેવાની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં ઉત્તરાયણ પૂર્વે જ હાડ થિજવતી ઠંડીનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. અનેક શહેરોના ન્યૂનતમ તાપમાનનો પારો એક અંકમાં નોંધાયો છે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન કચ્છના નલિયામાં ૭.૦ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઠંડુગાર શહેર બન્યું છે. ત્યારબાદ દાહોદ ૯.૫ ડિગ્રી સેલ્સિયસ તેમજ રાજકોટમાં ૧૦.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.


છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં નોંધાયેલા ન્યૂનતમ તાપમાનની વાત કરી તો, નલિયામાં ૭.૦ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગર ૧૦.૮ ડિગ્રી સેલ્સિયસ, દાહોદમાં ૯.૫ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટ ૧૦.૯ ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ, ડીસા ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ, અમદાવાદમાં ૧૨.૫ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૩.૨ ડિગ્રી સેલ્સિયસ, કંડલામાં ૧૪.૬ ડિગ્રી સેલ્સિયસ, ડાંગ ૧૫ ડિગ્રી સેલ્સિયસ, ભાવનગરમાં ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૭ દિવસ સુધી ગુજરાતમાં હાડ થિજવતી ઠંડીનો રાઉન્ડ યથાવત રહે તેવી સંભાવના છે. અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં પણ આગામી દિવસોમાં ન્યૂનતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રી સેલ્સિયસથી વધવાની સંભાવના નથી. કોલ્ડ સિટી નલિયામાં આગામી દિવસોમાં તાપમાનનો પારો ૭ અથવા ૮ ડિગ્રી સેલ્સિયસ સુધી જળવાઈ રહે તેવી આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં પણ આકરી ઠંડીનો અનુવ થઈ રહ્યો છે, ત્યારે રાજકોટમાં પણ આગામી સાત દિવસ સુધી ન્યૂનતમ તાપમાનનો પારો ૧૨ થી ૧૩ ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની આગાહી કરવામાં આવી છે.

# ઉનાવામાં વેરહાઉસમાંથી રૂ. ૩ કરોડથી વધુની કિંમતના જીરૂની ચોરી

ઊંઝા,

ઊંઝા તાલુકાના ઉનાવા હાઈવે પર આવેલ ખોડિયાર એસ્ટેટના ત્રણ વેરહાઉસમાંથી કુલ ૨૫૧૯ જીરાની બેગોની ચોરી થઈ છે. આ ચોરી થયેલા જીરાની અંદાજિત કિંમત રૂ. ૩.૦૨ કરોડથી વધુ આંકવામાં આવી છે. આ મામલે ઉનાવા પોલીસ સ્ટેશનમાં બે અલગ અલગ ફરિયાદો નોંધવામાં આવી છે, અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઊંઝા ગંજબજારમાં 'શેઠ નિહાલ નિતેશકુમાર' નામની પેઢી ધરાવતા નિતેશ ઘેવરચંદ જૈન શેઠે જુલાઈ ૨૦૨૫માં ખેતપેદાશોની વધુ આવકને કારણે સ્ટોક રાખવા માટે ઉનાવા ખોડિયાર એસ્ટેટના વેરહાઉસ નંબર ૧૩ અને ૧૪માં જીરાની બેગો મૂકી હતી. આ વેરહાઉસમાંથી કુલ ૧૩૯૨



જીરાની બેગો ચોરાઈ ગઈ છે, જેની કિંમત રૂ. ૧.૬૭ કરોડથી વધુ થાય છે. આ ઉપરાંત, ઊંઝા ગંજબજારમાં 'શાહ મોહનલાલ નરેન્દ્રકુમાર' નામની પેઢી ધરાવતા અરવિંદ મોહનલાલ શેઠે પણ ફરિયાદ નોંધાવી છે. તેમના ભાડે રાખેલા ખોડિયાર એસ્ટેટના વેરહાઉસ નંબર ૧૫માંથી ૧૧૨૭ જીરાની બેગોની ચોરી થઈ છે. આ ચોરી ૫ ડિસેમ્બર ૨૦૨૫ના બપોરથી ૩ જાન્યુઆરી ૨૦૨૬ના સવારના ૯ વાગ્યા દરમિયાન થઈ હોવાનું મનાય છે, અને ચોરાયેલા માલની કિંમત રૂ. ૧.૩૫ કરોડથી વધુ છે. બંને કિસ્સાઓમાં, અજાણ્યા ચોર ઈસમોએ બંધ વેરહાઉસના દરવાજા ખોલીને અંદર પ્રવેશ કર્યો હતો અને જીરાનો જથ્થો ચોરી કરીને લઈ ગયા હતા.

# છોટાઉદેપુરના ક્વાંટમાં કપાસની આડમાં લીલા ગાંજાની ખેતી : એક શખ્સની ધરપકડ

## પોલીસે ૬૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

છોટા ઉદેપુર,

છોટા ઉદેપુરમાં લીલા ગાંજાની ખેતી ઝડપાઈ છે. ક્વાંટના સીગલદા ગામમાં ખેતરમાં કપાસની આડમાં લીલા ગાંજાના છોડ મળી આવતા એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

બનાવની વિગત જોઈએ તો છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના સીંગલદા ગામના ખેડૂત ભગુભાઈ બુઠીયાભાઈ રાઠવાએ ખેતરમાં કપાસના પાકની ખેતીની આડમાં ગાંજાના છોડ વાવ્યા હોવાની બાતમી એસઓજી પોલીસને મળી હતી. બાતમી હકીકતના આધારે એસઓજીની ટીમે ખેતરમાં તપાસ કરતા કપાસની આડમાં ૧૫૧ ગાંજાના છોડ મળી આવ્યા હતા.પોલીસે ખેતરમાંથી ૧૨૪.૭૯૦ કિલો વનસ્પતિજન્ય લીલો ગાંજો જપ્ત કર્યો હતો, જેની બજાર કિંમત ૬૨.૩૯ લાખ રૂપિયા આંકવામાં આવી છે.

હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખેડૂત ગાંજાનું બીજ ક્યાથી લાવ્યો હતો, ગાંજો કોને અને ક્યા સપ્લાય કરવામાં આવતો હતો , તેની સાથે કોણ કોણ જોડાયેલું છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

"ક્વાંટના સિંગલદા ગામના ખેડૂત ભગુભાઈ રાઠવાએ કપાસની આડમાં જુદી જુદી જગ્યાએ ગાંજાના છોડ ઉગાડ્યા હોવાની બાતમી મળી હતી.

# ટાઈફોઈડ કેસમાં એક બાળકનું શંકાસ્પદ મોત, બે ગંભીર

ગાંધીનગર,

ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે ટાઈફોઈડનો ભારે હાહાકાર મચ્યો છે, જેમાં એક બાળકનું શંકાસ્પદ મોત નીપજ્યું છે અને અન્ય બે બાળકોની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. હાલમાં ૧૫૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૫૦ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. રોગચાળાની ગંભીરતા જોતા હોસ્પિટલમાં બેડ ખૂટી પડતા સત્તાધીશોએ વધારાનો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે. પીવાના પાણીમાં ગંદકી ભળવાને કારણે ફેલાયેલા આ જીવલેણ રોગચાળાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે અને આરોગ્ય તંત્ર દોડતું થયું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો એટલો વધી ગયો છે કે બાળ વિભાગમાં પથારીઓ ખૂટી પડી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી એક અલાયદો વધારાનો વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લાના અન્ય આરોગ્ય કેન્દ્રોમાંથી પીડિયાટ્રીશિયન અને નિષ્ણાત તબીબોની ટીમને ગાંધીનગર સિવિલ ખાતે તેડાવવામાં આવી છે. આ અંગે મૃત બાળકીના પિતા રાજુ કનૌજિયાએ કહ્યું કે, દીકરી બીમાર હતી, અમે ત્યાં સેક્ટર ૨૯માં દવા કરાવી હતી. ત્યારબાદ ત્યાંથી રિપોર્ટ કરાવ્યો તો ટાઈફોઈડનો તાવ નીકળ્યો. પછી તેઓએ કહ્યું કે સિવિલમાં લઈ જાવ, એટલે અમે સિવિલમાં એડમિટ કરી દીધી. એડમિટ કર્યાને હજુ ચાર દિવસ પણ નહોતા થયા અને આ ઘટના ઘટી ગઈ. ડોક્ટરે ટ્રીટમેન્ટ ચાલુ કરી હતી, તેને બોટલ પણ ચઢાવવામાં આવી હતી. મુખ્યત્વે સેક્ટર ૨૪, ૨૫, ૨૬, ૨૭ તેમજ આદીવાડા અને ધૈંઢઝ વિસ્તારમાં દૂષિત પાણીના કારણે આ રોગચાળો વકર્યો છે. કોર્પોરેશનની ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૨૦,૮૦૦થી વધુ ઘરોમાં સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે.? ૯૦,૦૦૦ની વસ્તીને આરોગ્ય લક્ષી તપાસ હેઠળ આવરી લેવાઈ છે. જ્યારે ૩૦,૦૦૦ ક્લોરિન ટેબલેટ અને 20,600 ORS પેકેટનું વિતરણ કરાયું છે. રાજકોટમાં ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ ગંભીર પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જિલ્લા કલેક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરી વિગતો મેળવી હતી. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર કાબૂ મેળવવા જિલ્લા અને મહાનગરપાલિકાની વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે.

## અપ્રમાણસર સંપત્તિના કેસમાં કસ્ટમ ઈન્સ્પેક્ટરને ૫ વર્ષની કેદ: પત્નીને પણ સજા

અમદાવાદ,

અમદાવાદની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે આવક કરતા વધુ સંપત્તિ ધરાવવાના ગુનામાં મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સેન્ટ્રલ એક્સાઈઝ અને સર્વિસ ટેક્સના ઈન્સ્પેક્ટર કૌશિક અનવંતરાય કારેલિયાને ૫ વર્ષની સખત કેદ અને રૂ. ૬૩ લાખના દંડની સજા ફટકારી છે. આ સાથે જ ગુનામાં મદદગારી કરવા બદલ તેમની પત્ની પૂજા કારેલિયાને પણ એક વર્ષની કેદ અને રૂ. ૫૦,૦૦૦ના દંડની સજા સંભળાવવામાં આવી છે.

આ કેસનો આરોપી કૌશિક અનવંતરાય કારેલિયા એપ્રેઝર હતો અને કંડલા સેઝનો પ્રીવેન્ટિવ ઓફિસર હતો.સીબીઆઈ દ્વારા આ કેસ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે વર્ષ ૨૦૦૪થી ૨૦૧૩ વચ્ચેના ગાળામાં આરોપીએ પોતાની જ્ઞાત આવક કરતા અનેકગણી વધુ સંપત્તિ એકઠી કરી હતી.

તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ પાસે રૂ. ૫૭,૬૦,૭૨૯ ની અપ્રમાણસર મિલકત હતી, જે તેમની કાયદેસરની આવક કરતા ૧૮૩.૫૭% વધુ હતી.

# તબેલાનું શુદ્ધ 'ઘી' કહી ઝેર વેચાતું હતું સુરતમાં ૩૧૯ કિલો નકલી ઘી જપ્ત

## લસકાણા વિસ્તારમાં તબેલાની આડમાં ચાલતી ઘી ફેક્ટરી પર દરોડો

સુરત,

સુરતમાં ફરી એકવાર નકલી ઘી પકડાયું છે. પોલીસે શહેરની બહાર આવેલા લસકાણા વિસ્તારમાં તબેલાની આડમાં ચાલતી ઘી ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો અને મોટા પ્રમાણમાં નકલી ઘી જપ્ત કર્યું હતું. આ કાર્યવાહીમાં પોલીસે અંદાજે ૩૧૯ કિલો નકલી ઘી , ૮૫૬ કિલો વનસ્પતિ અને સોયાબીન તેલ જપ્ત કર્યું હતું. જપ્તી બાદ, નકલી ઘી બનાવવાના કામમાં સામેલ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

લસકાણા પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે લસકાણા ગામમાં આહિર સમુદાયના ખેતરની પાછળ આવેલી એક દુકાનમાં શુદ્ધ ઘીના વેશમાં ભેળસેળયુક્ત ઘીનું રેકેટ ચલાવવામાં આવી રહ્યું છે. આ ગુનાહિત માહિતીના આધારે, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને ખાદ્ય અને સલામતી વિભાગના અધિકારીઓ સાથે મળીને સ્થળ પર દરોડો પાડ્યો.

પોલીસ તપાસ દરમિયાન બહાર આવેલી માહિતી અનુસાર, ધરપકડ કરાયેલ આરોપી અલ્પેશ ઈશ્વરભાઈ સંથલૈયા (૩૦, રહે. સાંઈનાથ સોસાયટી, કામરેજ ચાર રસ્તા) ખૂબ જ અત્યાધુનિક પદ્ધતિનો ઉપયોગ કરીને નકલી ઘી બનાવતો હતો. વધુ નફાની ઈચ્છામાં, તે વનસ્પતિ તેલ અને સોયાબીન તેલ ભેળવીને તેને ગંધ આપતો હતો. તેણે એક ખાસ એસેન્સ પણ ઉમેર્યું જેથી તેને ઘી જેવી ગંધ આવે. તેણે એક તબેલામાં ઉત્પાદિત અસલી ઘીની થોડી માત્રા ભેળવીને તેને ગરમ કરીને ગ્રાહકોને છેતર્યા.

દરોડામાં, પોલીસ અને ફૂડ વિભાગે ઘટનાસ્થળેથી વસ્તુઓ જપ્ત કરી. આમાં ૩૧૯.૫૪ કિલોગ્રામ ભેળસેળયુક્ત ઘી (૭૯,૮૮૫ ની કિંમત), ૮૫૬ કિલોગ્રામ વનસ્પતિ/સોયાબીન તેલ (૧૨૫,૬૦૦ ની કિંમત), એસેન્સ અને ૬,૩૮૦ ની કિંમતના અન્ય સાધનોનો સમાવેશ થાય છે. પોલીસે કુલ ૨૧૧,૮૬૫ ની કિંમતનો માલ જપ્ત કર્યો છે.

## જામા મસ્જિદ મુદ્દે વકર્યો વિવાદ! સનાતન ધર્મના સંતો આંદોલનના માર્ગે

### જામા મસ્જિદના મૂળ સ્વરૂપને લઈ ભરૂચમાં મોટો વિવાદ

ભરૂચ,

ભરૂચ શહેરના મધ્યમાં આવેલી અને પુરાતત્વ વિભાગ હસ્તક હેઠળ આવતી રાષ્ટ્રીય ધરોહર ગણાતી જામા મસ્જિદના મૂળ સ્વરૂપને લઈ શહેરમાં મોટો વિવાદ ઊભો થયો છે. સનાતન ધર્મના સંતો દાવો કરે છે કે આ સ્થળ મૂળરૂપે 'સમળી વિહાર' જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થળ હતું.

સ્થાનિક શકિતનાથ ગ્રાઉન્ડ ખાતે સ્વામી મુક્તેશ્વરાનંદજી, સ્વામી રાજરાજેશ્વરીજી મહારાજ અને સ્વામી રાઘેવેન્દ્રદાસજી સહિતના સંતોએ શાંતિપૂર્ણ ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. સંતોએ આક્ષેપ કર્યો છે કે રાષ્ટ્રીય ધરોહર ગણાતું અને સરકારની માલિકી ધરાવતું આ ઐતિહાસિક સ્થળ ગેરકાયદે ઉપયોગ માટે ખુલ્લું રહે છે, અને નિયમોનું પાલન ન થવાથી આંદોલન કરવાની ફરજ પડી.

સંતોની મુખ્ય માંગ છે કે પુરાતત્વ વિભાગ આંદોલનકાર્યકર્મ પર કડક પગલાં લેશે અને ઐતિહાસિક સ્થળને તેના મૂળ સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરશે.

# ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા સંસ્થાનો યોજાશે પંચ સહસ્ત્રદિન મહોત્સવ

**સ્વામી ભોળાનંદ સરસ્વતીજી તથા સદાનંદ સરસ્વતીજીના અધ્યક્ષસ્થાને સમારો યોજાશે, માનવસેવા મહાયજ્ઞમાં સહયોગીઓની ભાવવંદના થશે**





ભાવનગર,તા.૬

ગોહિલવાડની સુપ્રસિધ્ધ સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા આરોગ્ય સંસ્થામાં પંચ સહસ્ત્રાદિન માનવસેવા મહાયજ્ઞમાં સહયોગીઓની ભાવવંદના થશે. ટીંબી સ્થિત આ સંસ્થાનો અગાઉ મુલત્વી રહેલ પંચ સહસ્ત્રાદિન મહોત્સવ કાર્યક્રમનું આગામી રવિવારે આયોજન કરવામાં આવેલ છે.

સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની પ્રેરણાથી ઉમરાળા પાસેના ટીંબીમાં દર્દી નારાયણની તદ્દન વિનામૂલ્યે આરોગ્યલક્ષી સેવા પ્રદાન કરતી ગોહિલવાડની આ સુપ્રસિધ્ધ સંસ્થામાં પંચ સહસ્ત્રાદિન માનવસેવા મહાયજ્ઞમાં સહયોગીઓની ભાવવંદના થશે. આ સમારોહનાં અધ્યક્ષસ્થાને સ્વામી ભોળાનંદ સરસ્વતીજી તથા સ્વામી સદાનંદ સરસ્વતીજી રહેશે.

ગોહિલવાડની સુપ્રસિધ્ધ અને છેલ્લાં પંદર વર્ષથી કાર્યરત આ આરોગ્ય સંસ્થામાં દાનવીરો, કર્મવીરો તથા ધર્મવીરોની ભાવ વંદના માટે આગામી રવિવાર પોષ વદ અષ્ટમી તા.૧૧ના સવારે આ સમારોહ યોજાયેલ છે.

આ દવાખાનામાં સેવા સારવારના પાંચ હજાર દિવસો પૂર્ણ કરી રહેલ છે, ત્યારે આ પંચ સહસ્ત્રદિન મહોત્સવ યોજાઈ રહ્યો છે. ગયા વર્ષે ગુરુવાર તા.૩૦.૧૦.૨૦૨૫ના રાખેલ, જે ભારે વરસાદનાં કારણે મુલત્વી રખાયેલ આ માનવસેવા મહાયજ્ઞ પ્રસંગે દાતા ઉદ્યોગપતિ મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાનાર છે, જેઓની ભાવવંદના થશે, આ મહોત્સવની તડામાર તૈયારીઓ થઈ છે.

## રવિવારના દિવસે બપોર સુધી નિદાન સારવાર બંધ રહેશે

ટીંબી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા દવાખાનામાં રવિવારે બપોર સુધી નિદાન સારવાર બંધ રાખવામાં આવશે. આ દિવસે અહીંયા પંચ સહસ્ત્ર મહોત્સવ કાર્યક્રમ યોજાનાર હોઈ સૌ તબીબો કાર્યકર્તાઓ તેમાં જોડાયેલ હોવાથી રવિવાર તા.૧૧ના એક દિવસ સવારથી બપોર સુધી દર્દીઓની નિદાન સારવાર કામગીરી થઈ શકે તેમ ન હોઈ, જે બપોર બાદ રાબેતા મુજબ સમય પત્રક પ્રમાણે શરૂ રહેશે, જેની દર્દીઓને નોંધ લેવા જણાવાયું છે.

# ઈન્દોરની જળ દુર્ઘટનાના મૃતકોને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

ભાવનગર,તા.૬

થોડા દિવસ પહેલાં મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે પાણી પ્રદુષિત બન્યું હતું અને તેમાં પ્રાપ્ત માહિતી અનુસાર ૧૬ લોકોનાં મોત નિપજયા હતા અને અનેક લોકો હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ ઈન્દોરના ભગીરથ પૂરા વિસ્તારમાં રોજીંદા વપરાશમાં લેવામાં આવતું પાણી પ્રદુષિત થતાં હજારો લોકોની તબીયત લથડી હતી અને જોતજોતામાં તેમાંથી ૧૬ લોકોનાં કરુણ મોત નિપજયા હતા અને ૩૪ લોકોને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પૂ.મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૨,૪૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે ઈન્દોર સ્થિત રામકથાના શ્રોતા રૂપેશભાઈ વ્યાસ દ્વારા પહોંચાડવામાં આવશે. પૂજ્ય બાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે.

# તળાજી નદી પરના માઈનોર બ્રિજ વાહન વ્યવહાર માટે બંધ

**બીજી ફેબ્રુઆરી સુધી ટ્રાફિકને ડાયવર્ઝન રહેશે**

ભાવનગર,તા.૬

તળાજા તાલુકાના NHAI તળાજા બાયપાસ સેકશન ફ્રોમ ચે. ૪૯/૭૦૦ થી ૫૩/૫૮૫ ખાતે તળાજી નદી બ્રિજની કામગીરી પૂર્ણ થવામાં વધુ સમય લાગનાર હોઈ લોકસલામતીના હિતમાં બ્રિજ પરનો તમામ વાહન વ્યવહાર બંધ રાખવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ભાવનગર દ્વારા રજૂ થયેલ દરખાસ્તને ધ્યાને લઈ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(બી) હેઠળ મળેલ અધિકાર મુજબ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર દ્વારા આ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ તા.૦૪/૦૧/૨૦૨૬ થી તા. ૦૨/૦૨/૨૦૨૬ દરમિયાન આ બ્રિજ પરથી તમામ પ્રકારના વાહનો પસાર થઈ શકશે નહીં.

# નોઘણવદર પ્રાથમિક શાળાના ૧૫૦મા સ્થાપના દિવસની કલેકટર બંસલના અધ્યક્ષસ્થાને ઉજવણી

**શાળાના ભૂતપૂર્વ શિક્ષકો તેમજ ગામના ઉદ્યોગપતિઓ અને દાતાઓનું સન્માન કરાયું**

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના નોઘણવદર ગામની પ્રાથમિક શાળાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શનિવારના રોજ ભાવસભર ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમ જિલ્લા કલેકટર ડૉ. મનિષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ગામના ઉદ્યોગપતિઓ અને દાતાઓનું મોમેન્ટો તથા શાલ દ્વારા સન્માન કરાયું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વેશભૂષાઓ સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેને ઉપસ્થિત મહેમાનો તથા ગ્રામજનોએ ઉત્સાહભેર નિહાળ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ ગૌરવ, આનંદ અને શૈક્ષણિક સંસ્કારોથી ભરપૂર માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.આ કાર્યક્રમમાં પાલીતાણા પ્રાંત અધિકારી અંકિત પટેલ, નાયબ પોલીસ અધિક્ષક મહિર બારૈયા, મામલતદાર અર્જુનસિંહ ડોડીયા સહિતના અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ નોઘણવદર ગામના ઉદ્યોગપતિઓ, દાતાઓ, શિક્ષણપ્રેમી ગ્રામજનો તથા મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.

## કેન્દ્રીય રાજ્ય મંત્રી બાંભણીયાના પ્રયાસોથી ADIP યોજના અને GMDC સીએસઆર અંતર્ગત

# કાલે પાલિતાણામાં દિવ્યાંગજનોને રૂ.૫૯ લાખના સાધનોનું વિતરણ કરાશે

**કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી બી.એલ.વર્માની રહેશે પ્રેરક ઉપસ્થિતિ**

ભાવનગર,તા.૬

કેન્દ્રીય ઉપભોક્તા કાર્ય, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાના પ્રયાસોથી દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારની (ADIP) યોજના તથા ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) ના સીએસઆર કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગજનો માટે નિઃશુલ્ક સહાયક સાધનો વિતરણ શિબિરનું આયોજન કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી બી.એલ. વર્માની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૦૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ભાવનગર જિલ્લાના પાલીતાણામાં હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે.

આ શિબિર અંતર્ગત ભાવનગર જિલ્લાના ૩૬૬ પૂર્વ-ચિહ્નિત દિવ્યાંગ લાભાર્થીઓને કુલ રૂ. ૫૯,૧૨,૧૮૮/-ની કિંમતના ૭૩૭ સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

જિલ્લા ભાવનગરના દિવ્યાંગજનોને વ્યાપક લાભ મળે તે હેતુસર લાભાર્થીઓના ચિહ્નીકરણ અને નોંધણી માટે કેન્દ્રીય રાજ્ય નિમુબેન જયંતીભાઈ બાંભણિયા દ્વારા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર સાથે સંકલન સાધવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીના માર્ગદર્શન અનુસાર એલિમ્કો (ભારત સરકારનું ઉપક્રમ) દ્વારા જિલ્લા વહીવટી તંત્ર ભાવનગરના સહયોગથી

આભાર - નિહારીકા રવિયા

તા.૦૫/૧૨/૨૦૨૪ થી ૧૮/૧૨/૨૦૨૪ દરમિયાન જિલ્લાના તમામ બ્લોકોમાં બ્લોકવાર પરીક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરીક્ષણ શિબિરો બાદ ભાવનગર જિલ્લામાં કુલ ૨૦૬૭ દિવ્યાંગજનોને ૩૭૬૩ સહાયક સાધનોના નિઃશુલ્ક વિતરણ માટે ચિહ્નિત કરવામાં આવ્યા છે, જેમાં સાધનોની કુલ કિંમત અંદાજે રૂ.૨,૮૧,૬૧,૪૪૯/- થાય છે. ચિહ્નિત તમામ દિવ્યાંગ લાભાર્થીઓને તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૬ સુધી બ્લોકવાર કેમ્પના માધ્યમથી સાધનોનું વિતરણ પૂર્ણ કરવામાં આવશે.

તા. ૦૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાનાર વિતરણ શિબિરમાં એલિમ્કો દ્વારા બનાવવામાં આવેલા વિવિધ પ્રકારના સહાયક સાધનો જેમ કે બેટરીચાલિત મોટરાઈઝ્ડ ટ્રાઈસાઈકલ, ટ્રાઈસાઈકલ, વ્હીલચેર, સી.પી. ચેર, બૈસાખી, શ્રવણ યંત્ર (કાનની મશીન), કૃત્રિમ અંગ વગેરેનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. વિતરણ થનાર સહાયક સાધનોમાં મોટરચાલિત ટ્રાઈસાઈકલ-૪૯, ટ્રાઈસાઈકલ - ૧૭૨, વ્હીલચેર – ૨૨, એડીએલ કિટ – ૨, વોકર – ૧૧, બૈસાખી – ૨૩૧, બ્રેલ કિટ – ૨, સુગમ્ય કેન – ૨૨, મોબાઈલ – ૩, સી.પી. ચેર – ૧૦, રોલેટર – ૧૪, ટીએલએમ કિટ – ૬૩, કાનના મશીન (શ્રવણ યંત્ર) – ૪૦ નો સમાવેશ થાય છે.

# સીટિંગ વોલીબોલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાની ટીમ ગોલ્ડ મેડલ વિજેતા

**સુરત સામેની ફાઈનલમાં શાનદાર જીત સાથે મહિલા ટીમે ભાવનગરનું ગૌરવ વધાર્યું**



ભાવનગર,તા.૬

સ્પેશિયલ ખેલ મહાકુંભ–૨૦૨૫ અંતર્ગત બહેનોની સીટિંગ વોલીબોલ રાજ્યકક્ષાની સ્પર્ધાની ફાઈનલ મેચ સુરત અને ભાવનગર જિલ્લાની ટીમ વચ્ચે યોજાઈ હતી. કઠિન અને રોમાંચક મુકાબલામાં ભાવનગર જિલ્લાની બહેનોની ટીમે ઉત્કૃષ્ટ રમતપ્રદર્શન કરીને સુરતને પરાજય આપ્યો અને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ વિજય સાથે ભાવનગર જિલ્લાનું નામ રાજ્યભરમાં ગૌરવપૂર્વક ઉજાગર થયું છે.

નડિયાદ ખાતે યોજાયેલી આ રાજ્યકક્ષાની ટુર્નામેન્ટમાં સમગ્ર સ્પર્ધા દરમિયાન ભાવનગરની ટીમે સંયમ, ટીમવર્ક અને આત્મવિશ્વાસ સાથે રમતાં ફાઈનલ મેચમાં યાદગાર જીત મેળવી હતી. સીટિંગ વોલીબોલમાં પ્રાપ્ત આ ગોલ્ડ મેડલથી ભાવનગર જિલ્લાએ ગુજરાતમાં પોતાનો ડંકો વગાડ્યો છે.ઉલ્લેખનીય છે કે ટીમની કેપ્ટન સંગીતાબેન સુતરીયા, જે ઈન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસ બ્રોન્ઝ મેડલ વિજેતા છે, તેમણે ખેલ મહાકુંભ–૨૦૨૫ માં પર્સનલ ઈવેન્ટ વ્હીલચેર કેટેગરીમાં રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી નારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ભાવનગર જિલ્લાની આ ટીમ ભવિષ્યમાં નેશનલ સીટિંગ વોલીબોલ સ્પર્ધામાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ભારતનું નામ રોશન કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.આ સિદ્ધિ બદલ ભાવનગર પેરા સ્પોર્ટ્સ એસોસિએશન તેમજ જિલ્લા રમતગમત અધિકારી, ભાવનગર દ્વારા સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

ભાવનગર જિલ્લાની વિજેતા ટીમમાં સંગીતાબેન સુતરીયા (કેપ્ટન), માયાબેન મકવાણા, ગીતાબેન લુણી, ભાવનાબેન વાજા, ગીતાબેન ચૌહાણ, સોનલબેન ધનવાણિયા, હર્ષાબેન જેઠવા, સવિતાબેન ખસિયા અને જાગૃતિબેન ખોખાણીએ ભાગ લઈ ઉત્તમ રમતપ્રદર્શન કરીને ટીમને વિજય અપાવ્યો હતો.

# ઈશ્વરિયાના વાંસળીવાદક વૈદિક દવે કલા મહાકુંભમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાને

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતમાં યોજાયેલ સ્પર્ધામાં મેળવી સિધ્ધિ**






ઈશ્વરિયા,તા.૬

ગુજરાત સરકાર દ્વારા કલામહાકુંભ આયોજનમાં ઈશ્વરિયાના વાંસળીવાદક વૈદિક દવે કલા મહાકુંભમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાને આવેલ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતમાં યોજાયેલ સ્પર્ધામાં મેળવી સિધ્ધિ હાંસલ કરી છે.

ભાવનગર જિલ્લામાં સિહોર તાલુકાનાં ઈશ્વરિયા ગામનાં વતની વિદ્યાર્થી વૈદિક દવે સંગીતમાં રસ ધરાવે છે, જેમણે વાંસળીવાદનમાં કલા મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાએ સ્થાન મેળવી ગૌરવ વધાર્યું છે.ગુજરાત સરકાર દ્વારા કલા મહાકુંભ સ્પર્ધા આયોજનમાં

વૈદિક દવેએ વાંસળી વાદન (૬થી ૧૪ વર્ષ વય વિભાગ) સ્થાનિક કક્ષાએથી ભાગ લઈ સૌરાષ્ટ્ર પ્રદેશ અને રાજ્ય કક્ષાએ પહોંચી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતમાં યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સિધ્ધિ હાંસલ કરી છે.વાંસળી વાદન તાલીમ માર્ગદર્શનમાં ભાવનગરનાં જયભાઈ માણેકશા રહ્યાં છે આ સાથે જ પિતા સંગીતકાર અને ગાયક ધ્રુવભાઈ દવે તથા માતુશ્રી નિધીબેન દવે દ્વારા મળેલાં પ્રોત્સાહનથી વૈદિક દવે સંગીતક્ષેત્રમાં આગળ વધી રહેલ છે. આ સિદ્ધિથી શિક્ષકો અને પરિચિતો દ્વારા અભિનંદન પાઠવાઈ રહ્યાં છે.

# સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજની યોજાઈ સિલ્વર જયુબીલી એલ્યુમની ફેમીલી મીટ

**પોતાના કાર્ય માટેનું કમીટમેન્ટ અને તેના દ્વારા પોતાના કાર્યમાં પોતાનું સર્વશ્રેષ્ઠ આપવુ એજ સફળતાની ગુરુ ચાવી - મોટિવેશનલ સ્પીકર**





ભાવનગર,તા.૬

શહેરની સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને હોસ્પિટલના સ્થાપના ૨૫ વર્ષ પૂર્ણ થવા પર સિલ્વર જયુબલી એલ્યુમીની ફેમીલી મીટનું આયોજન સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન ગત તા.૪ ને રવિવારે કોલેજ કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવેલ હતુ.

આ પ્રસંગે સુખ્યાત મોટીવેશન સ્પીકર અને લેખક ડો. સંજયભાઈ રાવળ એ મુખ્ય વકતા તરીકે જીવનની સફળતા વિષય પર સુંદર વક્તવ્ય આપેલ હતું. તેઓએ સંસ્થા દ્વારા છેલ્લા પચ્ચીસ વર્ષના વિદ્યાર્થીઓને એકસાથે એલ્યુમીની મીટ માટે એકત્રીત કરી સુદર કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના ડાયરેક્ટર ડો. કાનાણી, ડો. ગીરીશભાઈ પટેલ, ડો. અપૂર્વભાઈ પટેલ અને ડો. પ્રિતીબેન મુનીને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં તેઓએ જણાવેલ કે, જીવનમાં સફળતા મેળવવવાની જો કોઈ ગુરુ ચાવી હોય તો તે છે પોતાના કાર્ય માટેનું કમીટમેન્ટ અને તેના દ્વારા પોતાના કાર્યમાં પોતાનું સર્વશ્રેષ્ઠ આપવું. વિશ્વમાં માતા-પિતા તથા ગુરુના સન્માન આદરથી મહાન કાંઈ નથી. અને જીવનમાં જે કાંઈપણ કરીએ તે બેસ્ટ કરીએ અને ફળની આશા વિના પોતાનું કર્મ પ્રમાણીકતાથી કરતા રહેવાની વાત તેઓએ સમજાવી.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કોલેજના એલ્યુમીની પરિવાર, શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મચારીઓએ આ વાતને વધાવી પોતાના જીવનમાં ઉતારવા માટે પ્રતિબધ્ધતા દર્શાવી હતી.અને આનંદ પ્રકટ કર્યો હતો.કાર્યક્રમમાં કોલેજના એલ્યુમીની વિદ્યાર્થીઓ જેમણે આઈ.એ.એસ., આઈ.પી.એસ. બનવા સહિતની વિવિધ સિધ્ધીઓ મેળવી છે અને અન્ય ઉચ્ચ પદો પર કાર્ય કરી રહયા છે તેવા એલ્યુમની વિદ્યાર્થીઓના સન્માન કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# સુદાનના લાખો લોકો ગંભીર રીતે અસરગ્રસ્ત

આફ્રિકાના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલું સુદાન ઇતિહાસ, ધર્મ અને ભૌગોલિક મહત્વના સંગમ સ્થળ તરીકે ઓળખાય છે. પ્રાચીન સમયથી નાઇલ નદીની ખીણમાં વસેલો આ પ્રદેશ આફ્રિકા અને અરબ દુનિયાને જોડતો સેતુ રહ્યો છે. ઇસ્લામના પ્રસારના સમયમાં સુદાન લાલ સાગર, નાઇલ નદી અને સાહારા રણની વચ્ચે વ્યૂહાત્મક સ્થાને હતું, જેના કારણે અહીં સંસ્કૃતિ, વેપાર અને ધર્મનો ઘનિષ્ઠ સંપર્ક વિકસ્યો.આજનું સુદાન ઇતિહાસના ગૌરવથી નહીં, પરંતુ દુઃખ, વિનાશ અને માનવતાવાદી સંકટથી વિશ્વના નકશા પર છવાયેલું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે સુદાનને દુનિયાનું સૌથી ભયંકર માનવતાવાદી સંકટ ગણાવ્યું છે, અને આ કોઈ આંકડાકીય ઘોષણા નથી, પરંતુ કરોડો જીવંત માનવોના દુઃખની ચીસ છે. છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ગૃહયુદ્ધે દેશની સામાજિક, આર્થિક અને માનવિય રચનાને સંપૂર્ણ રીતે તોડી નાંખી છે.૧૫ એપ્રિલ ૨૦૨૩થી શરૂ થયેલા આંતરવિગ્રહે સદાનને નરસંહાર અને અમાનુષી અત્યાચારના કાળા અધ્યાયમાં ધકેલી દીધું છે. સુદાનિઝ આર્મ્ડ ફોર્સ અને રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચેના સંઘર્ષે રાજધાની ખારટૂમ, દારફોર, કોર્ડોફાન અને અલ્ફાશીર જેવા વિસ્તારોને યુદ્ધક્ષેત્રમાં ફેરવી દીધા છે. બોમ્બમારી, ગોળીબાર અને લૂંટફાટ વચ્ચે સામાન્ય નાગરિકો સૌથી વધુ પીસાઈ રહ્યા છે.યુદ્ધનું સૌથી ભયાનક રૂપ એ છે કે તેમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધો કોઈપણ સુરક્ષા વગર ફસાઈ ગયા છે. અહેવાલો અનુસાર ત્રણ કરોડથી વધુ લોકોને તાત્કાલિક માનવિય સહાયની જરૂર છે. દોઢ કરોડથી વધુ બાળકો ખોરાક અને દવા વગર જીવના જોખમે છે. હોસ્પિટલો ખંડેર બની ગઈ છે, દવાઓની સપ્લાઈ તૂટી ગઈ છે અને ડોક્ટરો અન્યના જીવ બચાવવા કરતા પોતાના જીવ બચાવવા મજબૂર બન્યા છે.ભૂખમરો સુદાનની સૌથી મોટી શાપરૂપ સમસ્યા બની ગઈ છે. અનાજની અછત, ખેતીનો નાશ અને સપ્લાઈ ચેઇનના ભંગાણે કરોડો લોકોને ભૂખમરાના કાંઠે લાવી દીધા છે. નિરાશ્રિત કેમ્પોમાં લાખો લોકો દિવસો સુધી એક વેળાનું ભોજન મેળવવા માટે સંઘર્ષ કરે છે. દુકાળની પરિસ્થિતિએ પાણીની ભયંકર કટોકટી સર્જી છે, અને પ્રદૂષિત પાણીના ઉપયોગથી કોલેરા અને અન્ય જીવલેણ રોગો ફેલાઈ રહ્યા છે.વિસ્થાપન આ સંકટનો બીજો ભયાનક ચહેરો છે. લાખો સુદાનીઓ પોતાનાં જ દેશમાં ઘરવિહોણા બની ગયા છે. શહેરો છોડીને લોકો ખુલ્લા મેદાનો, શાળાઓના ખંડેરો અને તાત્કાલિક કેમ્પોમાં આશરો લઈ રહ્યા છે. ચાર લાખથી વધુ લોકો જીવ બચાવવા માટે પડોશી દેશો ચાડ અને ઇજિપ્તમાં સ્થળાંતર કરી ગયા છે, જ્યાં પણ સંસાધનો મર્યાદિત હોવાથી તેમનું ભવિષ્ય અનિશ્ચિત છે.સુદાનનું આ દુઃખ અચાનક નથી આવ્યું. બ્રિટિશ અને ઇજિપ્તના ઉપનિવેશક શાસનથી લઈને સ્વતંત્રતા બાદના રાજકીય હસ્તક્ષેપોએ દેશને સતત અસ્થિર રાખ્યો. ૧૯૫૬માં સ્વતંત્રતા મળ્યા પછી પણ સત્તા માટેના સંઘર્ષો બંધ થયા નહીં. જાફર નિમારીથી લઈને ઉમર અલ બશીર સુધીના લાંબા સૈનિક શાસને લોકશાહી સંસ્થાઓને નબળી બનાવી દીધી. શક્તિશાળી સુરક્ષા એજન્સીઓ અને વફાદાર સશસ્ત્ર દળોએ સત્તાને મજબૂત રાખી, પરંતુ સમાજને અંદરથી ખોખલો બનાવી દીધો.

૨૦૧૧માં દક્ષિણ સુદાનના અલગાવ પછી પણ સુદાનને શાંતિ મળી નહીં. તેલ અને કુદરતી સંસાધનો પરના વિવાદો, ધાર્મિક અને જાતીય ભેદભાવ અને સત્તાની લાલચે સંઘર્ષને વધુ ઘેરો કર્યો. આજે SAF અને RSF વચ્ચેની લડાઈ એ આ લાંબા ઇતિહાસનું જ ભયાનક પરિણામ છે.

# બાપા એટલે બાપા...!

**દીકરાને છોડીને મા અવસાન પામી ને બાપે તેને ભણાવી ગણાવી, સારી નોકરી સુધી મહાનગરમાં પહોંચાડીને પરણાવ્યો, પછી એકલપંડે વતનમાં રહી બાપે જિંદગી પૂરી કરી ત્યારે બચાવેલી કમાણી જૂના ઘરમાં દીકરા માટે સાચવી રાખેલી તે દીકરાને હાથ લાગી.**

અશ્વિનભાઈએ ઉપરના ઓરડે જઈને બારી અને બારણું ખોલ્યાં. આખીય મહેતા શેરી નાકા સુધી ઊભી દેખાઈ. તેમને યાદ આવ્યું, અહીં જ બાપા આરામ બુરશટ્ટી નાખીને આખો દિવસ બેસી રહેતા...! વતનના આ ગામમાં મહેતા શેરીમાં પ્રતાપરાય વનમાળીદાસ મહેતાનું આ જૂનવાણી મકાન, બાપા સ્વર્ગે ગયા પછી તો સાવ બંધ હતું. અહીં સામે જૂની પુરાણી આરામ ખુરશી પડી હતી. દીપિકાએ કદાચ કપડું મારીને સાફ કરી હશે. એટલે ચોખ્ખી દેખાતી હતી નહીતર તો ધૂળ ધૂળ ભરી હોત.

અશ્વિનભાઈએ ખુરશી ખોલી. ખુરશીમાં બેઠા. હવે તો પોતેય બાપાની જેમ અહીં આ બારી સામે બેસીને આખીય શેરીને વર્ષો પછી તાકી તાકીને જોઈ રહ્યા છે.

મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના ચીફ ઑફિસર તરીકે પોતે વય મર્યાદાથી રિટાયર થઈ ગયા. સાંઈઠ વરસની ઉંમર અને આડત્રીસ વરસની નોકરી પૂરી કરી નિવૃત્ત થયા એટલે જન્મભૂમિમાં બાપદાદાના આ સરસ મેડીબંધ મકાને આવીને પત્ની સાથે વસ્યાં. બાપા ગયા પછી નવેસરથી રિપેર કરાવી આ જૂનવાણી મકાનનું રંગરોગાન પણ કરાવ્યું હતું. તાલુકા કક્ષાના આ નગરમાં તેનું આ વડિલોપાર્જિત મકાન હતું. હવે તો એ મકાન સરસ બની ગયું હતું. બાપાને મહાનગરમાં રહેવું જરાય ફાવતું નહીં તે આ ઘરે એકલપંડે રહીને આયખું ખંખેરી નાખેલું.

છેલ્લા દિવસોમાં પથારીમાં પડ્યા પડ્યા અનેક વાર તેમણે પુત્રવધૂ દીપિકાને હાથ જોડીને કહ્યું હતુંઃ ' કહું છું તમે અશ્વિનને સાચવજો... મારો હેવાયો છે, મારા વિના ઈને સોરવશે નહીં... પણ તમે એને બહુ જ પ્રેમથી સાચવીને નોકરી પૂરી કરવા દેજો... નહિતર મારો જીવ



અવગતે જશે...!' અશ્વિનભાઈ એ વખતે સુડતાલીશ વરસના હતા.

બાપા તો રસોઈકળા અને જમવાના પહેલેથી જબરા શોખીન તે અશ્વિનની બાના અવસાન પછી ભાતભાતની વાનગીઓ બનાવીને બાપ દીકરો રીતસર ભોજનની મિજબાની જ કરતાં. અશ્વિનના લગ્ન પછી ઘરમાં પુત્રવધૂ દીપિકા આવી પણ તે તો અહીં ત્રણ જણાં પૂરતું જાતે કાચું-પાકું રાંધતી ને સૌ જમી લેતાં.

અશ્વિનભાઈને મહાનગરપાલિકામાં સારી પોસ્ટ પર નોકરી મળી ને ત્યાં સારું ક્વાર્ટર મળ્યું છતાં બાપા તો મહેતા શેરીનું આ ઘર છોડવા તૈયાર ન થયાં ને જીવન ગુજારો અહીં જ પૂરો કરી નાખેલો. અહીં રહીને કોઈ કોઈ વાર ગોરપદુંય કરે. કથા કીર્તનમાં યજમાનના ઘેરથી દક્ષિણા સાથે પ્રસાદીમાં કાજુ, બદામ, ટોપરું અને ખારેક આવે તો એ અશ્વિન માટે રાખી મૂકે.

રવિવારની રજામાં અશ્વિન બાપાને મળવા અહીં આવે ત્યારે દાંત વિનાના મોઢામાં મમરા મમળાવતા બાપા કહેતા, 'એ અશુ, બેટા ! તારે માટે પ્રસાદી રાખી છે... લે આ બદામ ખા એનાથી આપણામાં બુદ્ધિ આવે છે !'

**અલપ ઝલપ -ડૉ. મનહર ઠાકર**

' હા, બાપા. પણ તમે અહીં એકલપંડે રાંધીને શું ખાતા હશો ? '

'કેમ મને રાંધતા નથી આવડતું? ' પછી બાપા ભોં સરસુ જોઈને બોલ્યા : ' તારી બાની વિદાય પછી તને દસ વરસ તો મેં જ રાંધી રાંધીને ખવડાવ્યું હતું ને...? હું મારા પુરતું કરી લઈશ... તમ તમારે સુખેથી મન હળવું રાખીને મોટા શહેરોમાં રહો..!'

પચ્ચીસ વરસ એકલા રહીને બાપા સ્વર્ગે સીધાવ્યા પછીય દીપિકા સરકારી ક્વાર્ટર છોડીને આ જૂનવાણી વડિલોપાર્જિત ઘરમાં રહેવા આવવા રાજી ન હતી. પણ હવે તો આવવું પડયું ને ? અશ્વિનભાઈ રિટાયર થઈ ગયા પછી ક્યાં જાય ? સરકારી ક્વાર્ટર ખાલી કરવાનું થયું અને દીકરો તથા દીકરી તો વીસેક વર્ષથી વિદેશમાં સ્થાયી થઈ ગયેલાં છે, ત્યાં જઈને તેમની સાથે રહેવું દીપિકાને ફાવતું નહોતું. બારીની સામે ગોઠવેલી ખુરશીમાં બેસીને અશ્વિનભાઈએ ડાબી તરફના ખુલ્લા ભીતકબાટમાં કપડે બાંધેલાં કેટલાંક પોટકાં જોયાં. ખુરશી પરથી ઊઠીને પોટલાં પરની ધૂળ ખંખેરી. એક પછી એક પોટલું ખોલ્યું. બા અને બાપાનાં જૂનાં કપડાં, સગા- સંબંધીઓની ટપાલો, સત્યનારાયણની કથાની ચોપડી, ભાગવત, રામાયણ , શ્રીમદ્ ભગવદ્ ગીતા, ચંડીપાઠ, વગેરે તથા ગોરપદુ - કર્મકાંડ માટેનું સાહિત્ય વગેરેની વચ્ચેથી બાપાએ ભેળી કરેલી મરણમૂડીનું નાણું એક થેલીમાં રાખેલું મળી આવ્યું. તેમાં ચલણી સિક્કા અને છાપેલા રૂપિયા પાંચ, દસ, વીસ, પચાસ, સો, પાંચસોની નોટોની કેટલીક વાળેલી થપ્પીઓ નીકળી.

મેડીએથી છજાવાળું બારણું અને બારી બંધ કરીને અશ્વિનભાઈ નીચે ઊતર્યા. તેણે નીચે આવીને દીપિકાને કહ્યું : ' બાપા એટલે બાપા.., હો !

કેમ વળી, શું થયું તે બાપા યાદ આવી ગયા ? '

' જે કોઈ ન કરે એવું બાપાએ કર્યું. આખી જિંદગી કરકસરથી જીવીને વિદાય લીધી પણ પોતાની બધી કમાણી આપણાં માટે સાચવીને અકબંધ મૂકી રાખી. '

# જો હરિકથામાં ચિત્ત પરોવાઈ જાય તો દુનિયાના સંતાપો આપણને નહીં નડે

હું તો પુરા વિશ્વાસથી બોલી રહ્યો છું. હરેક કથામાં અનુભવ સાથે બોલી રહ્યો છું. પરમાત્મામાં ચિત્ત લગાડવાનું સરળ, સુગમ, અનુગ્રહ અને સર્વપ્રાપ્ય કોઈ સાધન હોય તો ભગવત કથા છે. હા, જરૂર, પતંજલિ ભગવાનના માર્ગ દ્વારા ગણ્યા ગાંઠિયા સાધકો ચિત્તવૃત્તિ નિરોધ કરી અને યાત્રા કરી શકે. બાકી ઈશ્વરમાં ચિત્ત જોડવા માટે ભગવત કથા શ્રેષ્ઠ ઉપાય છે.

**કરંટ ટોપિક**

એક વખતનું ભોજન આપણા માટે ૨૪ કલાકનો આરામ છે. એક વખતનું ભોજન માણસને ૨૪ કલાકની પુષ્ટિ આપે તેમ કથા દરમિયાન પણ ચિત્તનો નિરોધ, ચિત્તની પરમાત્મામાં સમર્પિત થવાની વૃત્તિ એ સરળતાથી કથા દ્વારા થોડો સમય પણ સમય જાય તો ઈશ્વરમાં ગયેલા ચિત્તથી અને પછી જે ચેતના પ્રગટ થાય એનાથી વ્યક્તિગત જીવન અને વૈશ્વિક જીવનની કેટલીય સમસ્યાઓનો ઉકેલ આવે.

ભગવાન કપિલ કહે છે દેવહુતિને-સાધુઓના લક્ષણોનું એક લિસ્ટ આપતી વખતે કહે છે. ઉપરના શ્લોકમાં લખેલા લક્ષણો કહે છે. ભગવાન કપિલ કહે છે કે 'મા, સાધુઓનું બળ કયું? સાધુ કેવો હોય?' મદાશ્રયા મારા સંબંધી જ ચર્ચા કરતો હોય, જેને મારો આશ્રય હોય, કૃષ્ણાશ્રય હોય. જેનામાં શરણાગતિ હોય, દ્રઢ ભરોસો હોય.

વૈષ્ણવ સંપ્રદાયના શબ્દોમાં કહું તો આશરો એકનો, એક ધણીનો હોય. એના સિવાય બીજી કોઈ ચર્ચા નહીં. તો, જે શ્રવણ કરે, કથન કરે એને સંસારના કોઈ વિવિધ તાપ, કોઈ સમસ્યાઓ પરેશાન નથી કરી શકતી. કોને? જેનું ચિત્ત મારામાં પરોવાયેલું છે !એનામાં પરોવાઈ જાય, ફરી કથામાં પરોવાઈ જાય તો દુનિયાના કોઈ સંતાપો મને અને તમને કંઈ ન કરી શકે! પણ આપણુ ચિત એમાં રહે.

વેદાંતમાં એક કથા છે. એક સિંહણ ગર્ભવતી હતી. ખોરાકની શોધમાં જંગલમાં ફરતી રહેતી હતી. એક વખત શિકારની શોધમાં ક્યાંક જતી હતી ને રસ્તામાં નદી આવી. એણે તો નદીમાં છલાંગ લગાવી. આવી રીતે નદી પાર કરવાની તેને આદત હતી.

છલાંગ લગાવીને જ્યાં નદીમાં અડધે પહોંચી ત્યાં એને પ્રસવ થયો. બચ્ચું પાણીમાં પડી ગયું. મા તો સામે પાર જતી રહી. પશુના બચ્ચામાં કુદરતી રીતે પાણીમાં તરવાની શક્તિ હોય છે એટલે એ બચ્ચું તરવા લાગ્યું. પ્રવાહમાં તરતું તરતું દૂર નીકળી ગયું. એક કિનારા પર હરણોનું ઝૂંડ પાણી પીતું હતું. નાદાન સિંહનું બચ્ચું એ ઝૂંડમાં ભળી ગયું અને હરણોની સાથે રહેવા લાગ્યું. પોતે એ ભૂલી ગયું કે હું સિંહ છું, એ તો પોતાને પણ હરણ માનવા લાગ્યું. સંગદોષ થઈ ગયો.

આ વાતને ઘણો સમય વિત્યો હશે કે એક સિંહ શિકારની શોધમાં નીકળ્યો, જે આ હરણોનાં ઝૂંડને જોવે છે. હરણો તો સિંહને જોઈને ભાગે છે. એમાં પેલું બચ્ચું કે જે હવે તો મોટું થઈ ગયું હતું, તે પણ ભાગે છે. સિંહ જોઈ રહ્યો છે આ ઘટના! તેને થયું કે આ તો મારી જાતિનો છે અને હરણોનાં ઝૂંડમાં ભાગ્યો? કમાલ છે.

હરણો ભાગી ગયા પણ સિંહે પેલા બચ્ચાંને પૂછ્યું કે તું તો મારી જાતિનો છે, આમાં કેમ? આપણી જાતિ એક છે. બચ્ચું માને નહિ જ ને. સિંહ તેને નદીના પાણીમાં લઈ ગયો અને પાણીમાં પ્રતિબિંબમાં બતાવ્યું કે જો, આપણે બંને એક જેવા જ છીએ. તું મારી જ જાતિનો છો. પછી સિંહે ગર્જના કરી અને બચ્ચાંને કહ્યું કે તું પણ દહાડ. એ બચ્ચાંએ જ્યારે ગર્જના કરી ત્યારે તેને પોતાની જાતનું ભાન થયું.

માણસ પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે પ્યારે! કોઈ ઘેટાંનાં ટોળામાં ભળી ગયું છે તો કોઈ બકરીનાં ટોળામાં. હરિનામ, હરિકથા વ્યક્તિને આત્મભાન કરાવે છે અને કલિ કલ્મષથી મુક્ત કરે છે. કથાથી કલિના પાપ મટી જાય છે. માણસને પોતાના મૂળ સ્વરૂપનું ભાન કરાવે, સુશોભિત કરે,આભૂષિત કરે અને વિભૂષિત કરે એનું નામ કથા. સૂનો રામકથા, ગાઓ રામકથા, સ્મરો રામકથા તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે. હરિની સ્મૃતિ સૌથી મોટું સુકૃત છે.

રામકથા એક વૈશ્વિક બુલાવા છે. આપણે પાંચ લોકોનું મનોરંજન નથી કરી શકતાં. મેરે ભાઈ-બહેન, આખો સંસાર રામકથામાં ઝૂમે છે, કેમ? કારણ કે ભગવાનની કથા કલિયુગના કલિ કલ્મષને હરે છે. તો આનાથી વધુ સરળ ઉપાય બીજો કયો હોઈ શકે? આપણામાં જે કલિયુગના મેલ હશે તેને છોડાવી દેશે રામકથા. ધીરે ધીરે છૂટશે. જૂઠું બોલવા જશો ને 'માનસ'ની ચોપાઈ યાદ આવશે તો જૂઠું બોલતાં બાધ્ય કરશે.

અસત્યમાં જીવવું, અપવિત્રતામાં જીવવું, હિંસક અને ક્રૂર બનીને જીવવું, નિર્દયી અને કઠોર બનીને જીવવું, નિરંતર ભયભીત રહેવું, આયુષ્ય ઓછું છે છતાં મારે આટલું કરી લેવું છે એવી સમજનો અભાવ અને ભગવદ્ સુમિરનનો વેગ ઘટી જવો, એ બધા કલિકલ્મષ છે.

તુલસી કહે છે દંભ, પાખંડ, દ્વેષ, કપટ, મદ, માર એ બધાં આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યા છે. લોકો કરશે તો પણ તામસ તપ, જપ કરશે. એકબાજુ આટલી ભીષણતા છે પાપોની અને બીજી તરફ કેટલું સરળ સાધન, ઉપાય છે કે સૂનો રામકથા, ગાઓ રામકથા અને સ્મરો રામકથા, તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે !

મેં કેટલીયે વાર કહ્યું છે કથામાં આનંદ આવે છે, કારણ કે કથા પાપોનો નાશ કરે છે. પાપ હી આનંદ નથી લેવા દેતાં. આનંદ તો આપણો સ્વધર્મ છે. આનંદ કંઈ ખરીદ કરવા નથી જવું પડતું, પણ પાપ છાયેલાં છે અને કથામાં આનંદ આવે છે, કારણ પાપ મિટે છે. મન રંજન થાય છે, કથામાં એ કામ કરી દીધું, આપણાં કલ્મષ મિટાવી દીધાં, આપણા સ્વરૂપનું આપણને ભાન કરાવી દીધું.

તમે થોડો સમય કથા શ્રવણ કરો છો તે વખતે સંસારને ભૂલો છો, સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિઓ, કેટલી સમસ્યાઓ ચુકાઈ જાય છે! કારણ કથા દરમિયાન ચિત્ત હરિમાં જોડાય છે. આ કળિયુગમાં જ્યારે મન અને સમય બંને મલિન છે, કાળ મલિન છે એવા સમયે ચિત્તને ભગવતસ્મરણમાં લગાવવા માટે કથા એક સફળ પ્રયોગ છે.

# સિલિયા ફ્લોરેસ : વેનેઝુએલાની "લોખંડી મહિલા"

વેનેઝુએલાની રાજકીય ભૂમિકા પર સિલિયા ફ્લોરેસની છાપ એક પરંપરાગત 'ફર્સ્ટ લેડી'ની છાપથી કહીં વિશિષ્ટ અને શક્તિશાળી છે. તેમના સમર્થકો તેમને 'પ્રથમ યોદ્ધા' તરીકે ઓળખે છે,

## સિલિયા ફ્લોરેસની ભૂમિકા

**રાષ્ટ્રપતિ માદુરોની પત્ની અને 'પ્રથમ યોદ્ધા' તરીકે, સિલિયા ફ્લોરેસ વેનેઝુએલાની વર્તમાન કટોકટીમાં એક મહત્વપૂર્ણ, વિવાદાસ્પદ પાત્ર છે. તેઓ સરકારની નીતિઓ અને ચાવિસ્મો વિચારધારાની મુખ્ય હિમાયતી અને પ્રચારક છે.વેનેઝુએલા ગંભીર આર્થિક પતન, ભીષણ માનવાધિકાર ઉલ્લંઘન અને ગહન રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે. અતિશય મહિંગાઈ, બજારમાં અછત અને જબરદસ્ત ગરીબી વ્યાપક છે. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોએ સંકટને વધુ વધાર્યું છે, જ્યારે લોકશાહી પુનઃસ્થાપનાના પ્રયાસો અવરોધો અનુભવી રહ્યા છે. ફ્લોરેસ પર અમેરિકામાં ડ્રગ હેરફેરના આરોપો હેઠળ મુકદમો ચાલવાનો છે.**

એવું વિશેષણ જે ફક્ત સંબોધન જ નથી, પણ તેમની સક્રિય, આક્રમક અને નિર્ણાયક રાજનૈતિક યાત્રાનું પ્રતીક છે. રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની પત્ની તરીકે, ફ્લોરેસ સત્તાના શિખર પરની એક મહિલા છે, પણ તેમની વાર્તા એ સત્તાના ગલીચામાંથી ઉગીને, પોતાના હક્કે ઊંચા હોદ્દાઓ સંભાળનાર એક સ્વતંત્ર રાજકીય વ્યક્તિત્વ બનવાની છે.

એક સામાન્ય શરૂઆતથી એક અસામાન્ય યાત્રા સુધીનો પ્રવાસ ફ્લોરેસનો જન્મ ૧૯૫૬માં એક સામાન્ય પરિવારમાં ટીનાક્વિલો શહેરમાં થયો હતો, જેને માદુરો 'માટીના ફ્લોરવાળા ખેતર' તરીકે ઓળખાવે છે. બાળપણ કારાકાસના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વિતાવ્યા પછી, તેમણે પોતાના પગ પર ઊભા રહેવાનો માર્ગ પસંદ કર્યો. ૩૨ વર્ષની ઉંમરે કાયદાની ડિગ્રી હાંસલ કરી, ફોજદારી અને મજૂર કાયદા ક્ષેત્રે નિપુણતા મેળવી. ૧૯૯૨નો બળવો, જ્યારે હ્યુગો ચાવેઝનો સત્તા પલટાનો પ્રયાસ નિષ્ફળ ગયો, ત્યારે તેમના જીવનનો નિર્ણાયક મોડ આવ્યો. તે બળવાખોર લશ્કરી અધિકારીઓ, અને સ્વયં કમાન્ડર ચાવેઝના બચાવ માટેની વકીલોની ટીમમાં જોડાયા. આ જ સમયગાળામાં તેમની મુલાકાત એક યુવા ચાવિસ્મો સમર્થક અને ચાવેઝના સુરક્ષા ગાર્ડ, નિકોલસ માદુરો સાથે થઈ, જેમણે પાછળથી યાદ કર્યું કે સંઘર્ષના તે વર્ષોમાં એકબીજા તરફ આકર્ષણ જન્મ્યું અને તેમનું ભાગ્ય ચાવેઝની ચળવળ સાથે જોડાઈ ગયું.

ચાવિસ્મોમાં એક સ્વતંત્ર રાજકીય ઓળખનું નિર્માણ ચાવેઝના સત્તા પર આવ્યા પછી, ફ્લોરેસે પોતાની રાજકીય ઓળખ માદુરોથી સ્વતંત્ર રીતે બનાવવાનું શરૂ કર્યું. ૨૦૦૦માં તેઓ રાષ્ટ્રીય સભા (સંસદ) માટે ચૂંટાયા અને ૨૦૦૬થી ૨૦૧૧ સુધી સંસદના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો, આ હોદ્દો સંભાળનાર તેઓ પ્રથમ મહિલા બન્યા. આ પદ પર તેમણે સત્તાની કેન્દ્રમાં કામ કર્યું, જ્યારે વિરોધ પક્ષ ચૂંટણી બહિષ્કાર કરી રહ્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન સગાવાદના આરોપો પણ સામે આવ્યા, જેમાં પરિવારના સભ્યોને નોકરીઓ આપવાના આરોપોનો સામનો કરવો પડ્યો, પરંતુ ફ્લોરેસે

**આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ**

આરોપોને ચણતર કરી કાઢ્યા. ૨૦૧૨માં, ચાવેઝે તેમને દેશના એટર્ની જનરલ (પ્રોક્યુરેટર જનરલ) નિયુક્ત કર્યા, એવું પદ જે સામાન્ય રીતે 'ફર્સ્ટ લેડી'ને નથી મળતું. આ હોદ્દા પર તેઓ ચાવેઝના અવસાન સુધી રહ્યા, જે દર્શાવે છે કે ચાવેઝને તેમની ક્ષમતા પર કેટલો વિશ્વાસ હતો.

માદુરોના ઉદય સાથે 'પ્રથમ યોદ્ધા'ની ભૂમિકા ૨૦૧૩માં માદુરો રાષ્ટ્રપતિ બન્યા ત્યારે ફ્લોરેસે 'ફર્સ્ટ લેડી'ની પરંપરાગત ભૂમિકા પણ સ્વીકારી, પણ માદુરોએ જ તેમને 'પ્રથમ યોદ્ધા' તરીકે ઓળખાવીને 'પ્રથમ મહિલા' જેવા 'ભદ્ર વર્ગના ખ્યાલ'ને નકારી કાઢ્યો. આ શબ્દચય ફ્લોરેસની સક્રિય અને યુદ્ધક્ષમ રાજકીય છબીને અનુરૂપ હતો. રાષ્ટ્રપતિ પદેથી પણ ઊંચા હોદ્દા પર કામ કરી ચૂકેલી ફ્લોરેસ રાષ્ટ્રની રાજકીય દિશા આકારવામાં મહત્વની સલાહકાર અને ભાગીદાર તરીકે રહ્યા. ૨૦૧૭માં તેઓ સંસદમાંથી રાજીનામું આપી નવી રાષ્ટ્રીય બંધારણ સભાના સભ્ય બન્યા, જે ચાવિસ્મો માટેનું એક વિવાદાસ્પદ પગલું હતું. તેમણે ટીવી અને રેડિયો કાર્યક્રમોનું સંચાલન પણ કર્યું, જે તેમની જાહેરાત અને સંદેશાવહનમાં રુચિ દર્શાવે છે.

પરિવાર, વિવાદો અને અમેરિકી પ્રતિબંધો છેલ્લા કેટલાક વર્ષોમાં, ફ્લોરેસ અને માદુરોની જાહેર છબી તેમના પરિવાર સાથેના વિવાદોથી પ્રભાવિત થઈ છે. તેમના બે ભત્રીજાઓ, યુગોનીકોલસ અને ફ્રાન્ફિલીકો ફ્લોરેસ, ૨૦૧૫માં ન્યૂ યોર્કમાં ડ્રગ હેરફેરના આરોપે ગિરફતાર થયા હતા. આ કેસે આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું અને ફ્લોરેસે અમેરિકી અધિકારીઓ પર તેમના ભત્રીજાઓનું 'અપહરણ' કરવાનો આરોપ લગાવ્યો હતો. છતાં, ૨૦૧૭માં બંનેને દોષિત ઠેરવાઈ સજા થઈ, જેને પછી ૨૦૨૨માં એક કેદી વિનિમય સોદા હેઠળ મુક્ત કરવામાં આવ્યા. ફ્લોરેસ પોતે સપ્ટેમ્બર ૨૦૧૮માં યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ દ્વારા આર્થિક પ્રતિબંધોનો શિકાર બન્યા, જે વેનેઝુએલની સરકારમાં તેમની ઊંચી ભૂમિકા અને અમેરિકા દ્વારા ગણાતા 'અનિયમિતતા'ને કારણે હતા.

નિષ્કર્ષ: એક પ્રતીક તરીકે સિલિયા ફ્લોરેસ વેનેઝુએલની રાજકીય પરિસ્થિતિનું એક જટિલ પ્રતિબિંબ છે. એક તરફ તેઓ સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી ઉભરી આવેલી એક મજબૂત, શિક્ષિત અને સ્વતંત્ર મહિલાનું પ્રતીક છે, જેમણે પોતાની ક્ષમતાથી સત્તાની ઉપરની પગથીયાં ચડ્યા છે. બીજી તરફ, તેઓ એક એવી રાજકીય પ્રણાલીનો અભિન્ન અંગ છે, જે પર સગાવાદ, દમન અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોના આરોપો



છે. તાજેતરમાં, યુએસ લશ્કરી કાર્યવાહી દરમિયાન તેમની અને માદુરોની અટકાયત, અને હવે ન્યૂ યોર્ક કોર્ટમાં ડ્રગ અને હથિયારોના આરોપોમાં ટ્રાયલની શક્યતાએ તેમની યાત્રાને એક નવા અને અણધાર્યા મોરચે લી કરી છે. 'પ્રથમ યોદ્ધા'ની ઉપાધિ હવે માત્ર રાજકીય સંઘર્ષનો નહીં, પણ કાનૂની સંઘર્ષનો પણ સૂચક બની રહી છે. સિલિયા ફ્લોરેસની કથા ફક્ત એક વ્યક્તિની જીવનયાત્રા નથી, પણ આધુનિક વેનેઝુએલાની રાજકીત, સત્તાના ગતિશીલ સ્વરૂપ અને આંતરરાષ્ટ્રીય રાજનીતિની જટિલતાનો એક મહત્વપૂર્ણ અધ્યાય છે.

# ભારત ૨૦૩૬ ઓલિમ્પિકનું ગુજરાતમાં આયોજન કરવાનું લક્ષ્ય રાખે છે, આઈસીસી ચેરમેનનું મોટું નિવેદન



નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ ના ચેરમેન જય શાહે ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. જય શાહે જણાવ્યું હતું કે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યા પછી ભારત ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન ગુજરાતમાં કરવાનું લક્ષ્ય રાખે છે. તેમણે ૨૦૩૬ ઓલિમ્પિકમાં ભારત માટે ૧૦૦ મેડલ જીતવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. જય શાહનું આ નિવેદન સુરતમાં 'રન ફોર ગર્લ ચાઈલ્ડ' મેરેથોન દરમિયાન આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતમાં લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જય શાહે કહ્યું હતું કે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પછી, અમારું લક્ષ્ય ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન અહીં કરવાનું છે.અમદાવાદને તાજેતરમાં ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે હોસ્ટિંગ રાઈટ્સ આપવામાં આવ્યા હતા. આ ભારતની બીજી કોમનવેલ્થ ગેમ્સ હોસ્ટિંગ ઈવેન્ટ હશે. અગાઉની કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૦ માં નવી દિલ્હીમાં યોજાઈ હતી. ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારતના પ્રદર્શનનો ઉલ્લેખ કરતા, જય શાહે કહ્યું કે ભારતે તે ઓલિમ્પિકમાં આઠ મેડલ જીત્યા હતા, પરંતુ ૨૦૩૬ માટે, દેશે ઓછામાં ઓછા ૧૦૦ મેડલ જીતવાનું લક્ષ્ય રાખવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે આમાંથી ૧૦ મેડલ ગુજરાતના ખેલાડીઓ તરફથી આવવા જોઈએ. મહિલા ખેલાડીઓ અંગે, જય શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ઓછામાં ઓછા બે મેડલ ગુજરાતની મહિલાઓ જીતશે. તેમણે દેશમાં મહિલા રમતગમતના વધતા પ્રભાવની પણ પ્રશંસા કરી.

જય શાહે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમની પ્રશંસા કરતા કહ્યું કે ટીમે ૨૦૨૪ ટી ૨૦ વર્લ્ડ કપ (બાર્બાડોસ) અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પ્રભાવશાળી પ્રદર્શન કરીને દેશને ગૌરવ અપાવ્યું છે. મહિલા રમતગમતની વધતી જતી લોકપ્રિયતા વિશે બોલતા, જય શાહે કહ્યું કે જ્યારે માતાપિતા ઘણીવાર ઈચ્છતા હોય છે કે તેમના પુત્રો વિરાટ કોહલી જેવા બને, ત્યારે હવે ઘણા માતાપિતા ઈચ્છે છે કે તેમની પુત્રીઓ સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત કૌર જેવી ક્રિકેટર બને.

# એમએસ ધોનીએ ક્યારેય મને બદલવાનો પ્રયાસ કર્યો નહીં - બ્રાવો



મુંબઈ,

વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ક્રિકેટર ડ્વેન બ્રાવો આઈપીએલમાં ૧૦ વર્ષ સુધી ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમનો ભાગ હતા. આ સમય દરમિયાન, તેમને ઘણી વખત ધોનીની કેપ્ટનશીપ હેઠળ રમવાની તક મળી. ડ્વેન બ્રાવોએ આઈપીએલ ૨૦૧૮ સીઝન દરમિયાન મહેન્દ્ર સિંહ ધોની સાથેની એક યાદગાર ઘટનાનું વર્ણન કર્યું. તેમણે સમજાવ્યું કે ધોનીએ તેના ખેલાડીઓનો કેવી રીતે ઉપયોગ કર્યો. બ્રાવોએ તાજેતરમાં એક પોડકાસ્ટમાં આ વિગતો શેર કરી.ડ્વેન બ્રાવોએ 'બીયર્ડ બિફોર વિકેટ' પોડકાસ્ટ પર ધોનીની કેપ્ટનશીપની પ્રશંસા કરી અને સમજાવ્યું કે ધોનીએ તેના પર વિશ્વાસ અને વિશ્વાસ કેવી રીતે દર્શાવ્યો. બ્રાવોએ કહ્યું, "૨૦૧૮ માં, જ્યારે અમે પ્રતિબંધમાંથી પાછા ફર્યા હતા, ત્યારે મેં એક વાર લોંગ-ઓન પર ફિલ્ડિંગ કરતી વખતે બોલ પકડવા માટે ડાઈવ કર્યો હતો. પછી ધોનીએ મને ફોન કર્યો અને કહ્યું, 'ક્રિકેટના મેદાન પર ક્યારેય ડાઈવ ન કરો. તમારી ચાર ઓવર ચાર રન બચાવવા કરતાં વધુ મહત્વપૂર્ણ છે.' જ્યારે તેણે આ કહ્યું, ત્યારે હું ચોંકી ગયો."

સ્ટાર ઓલરાઉન્ડરે આગળ કહ્યું, "આ પછી, મેં ૩૦-યાર્ડના વર્તુળમાં ફિલ્ડિંગ શરૂ કર્યું. આ ધોનીનો અભિગમ હતો. તે જાણતો હતો કે તમે શું સારા છો, અને તેણે ફક્ત તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું. તેણે હંમેશા તમને તેમાં શ્રેષ્ઠ બનવા માટે પ્રેરણા આપી."

# હેમા માલિનીએ ધર્મેન્દ્રના મૃત્યુ પર પહેલી વાર મૌન તોડ્યું, સમજાવ્યું કે બે પ્રાર્થના સભાઓ કેમ યોજાઈ હતી



મુંબઈ,

૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ૮૯ વર્ષની ઉંમરે તેમના અચાનક અવસાન પછી પહેલી વાર હેમા માલિનીએ તેમના પતિ અને અભિનેતા ધર્મેન્દ્ર વિશે વાત કરી છે. તેમણે તેમના મૃત્યુને એક અવિસ્મરણીય આઘાત ગણાવ્યો અને ખુલાસો કર્યો કે તે હોસ્પિટલમાં હતા ત્યારે બનેલી દરેક વસ્તુને સમજવાનો પ્રયાસ કરી રહી હતી. વધુમાં, પીઢ અભિનેત્રીએ વધુમાં જણાવ્યું કે ગયા મહિનો તેમના અને તેમના પરિવાર માટે ખૂબ જ આઘાતજનક રહ્યો હતો, કારણ કે જ્યારે અભિનેતા બીમાર હતા ત્યારે તેઓએ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

હેમાએ કહ્યું, "અમે બધા ત્યાં હતા, હું, એશા, આહના, સની, બોબી, બધા સાથે હતા. આ પહેલા પણ બન્યું હતું, જ્યારે તે હોસ્પિટલમાં ગયો હતો અને સ્વસ્થ થઈને ઘરે પાછો ફર્યો હતો. અમને લાગ્યું હતું કે તે આ વખતે પણ આવશે. તે અમારી સાથે સારી રીતે વાત કરી રહ્યો હતો. તેણે મારા જન્મદિવસ (૧૬ ઓક્ટોબર) પર મને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેનો જન્મદિવસ ૮ ડિસેમ્બરે આવી રહ્યો હતો, જ્યારે તે ૯૦ વર્ષનો થઈ ગયો હોત, અને અમે તેને ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરી રહ્યા હતા." તૈયારીઓ ચાલી રહી હતી, અને પછી અચાનક તે આ દુનિયા છોડી ગયો. અમારી નજર સમક્ષ તેને નબળા પડતા જોવું ખૂબ મુશ્કેલ હતું. કોઈને પણ આવી પરિસ્થિતિમાંથી પસાર થવું ન જોઈએ.ધર્મેન્દ્રના મૃત્યુ પછી બે અલગ અલગ પ્રાર્થના સભાઓ યોજાઈ હતી. એક ૨૭ નવેમ્બરના રોજ મુંબઈમાં, જેનું આયોજન તેમની પહેલી પત્ની પ્રકાશ કૌર અને પુત્રો સની અને બોબી દેઓલ દ્વારા કરવામાં આવ્યું હતું, અને બીજી ૧૧ ડિસેમ્બરના રોજ દિલ્હીમાં, જેનું આયોજન તેમની બીજી પત્ની હેમા માલિની અને પુત્રીઓ એશા અને આહના દેઓલે કર્યું હતું. અલગ પ્રાર્થના સભાઓ પાછળનું કારણ સમજાવતા, હેમાએ કહ્યું, "આ અમારા પરિવારનો વ્યક્તિગત મામલો છે.

# ટુર્નામેન્ટમાં તેના પ્રદર્શનને પગલે સેમ કુરન આઈએલટી ૨૦ ટાઈટલ જીત્યા બાદ રેડ અને ગ્રીન બેલ્ટ જીત્યો



નવીદિલ્હી,

સેમ કુરનની કેપ્ટનશીપ હેઠળ, ડેઝર્ટ વાઈપર્સે ૪ જાન્યુઆરીએ આઈએલટી ૨૦ ટાઈટલ જીત્યું. તેઓએ ફાઈનલમાં રૈંઅમીરાતને હરાવ્યું. આ સાથે,આઈએલટી ૨૦ ને ડેઝર્ટ વાઈપર્સના રૂપમાં એક નવો ચેમ્પિયન મળ્યો. કેપ્ટન સેમ કુરનએ આ ટુર્નામેન્ટમાં ડેઝર્ટ વાઈપર્સ માટે શાનદાર પ્રદર્શન કર્યું. ફાઈનલ મેચ પછી, દુબઈમાં એક અનોખો નજારો જોવા મળ્યો. આવું નજારો ઘણીવાર ડબ્લ્યુડબ્લ્યુઈ મેચ પછી જોવા મળે છે, પરંતુ આ વખતે ક્રિકેટના મેદાન પર પણ જોવા મળ્યો.

સામાન્ય રીતે, ટુર્નામેન્ટ પછી, સૌથી વધુ રન અને વિકેટ મેળવનાર ખેલાડીને ગોલ્ડન બેટ, બોલ અથવા મેડલ મળે છે. જો કે,આઈએલટી ૨૦ દરમિયાન, ખેલાડીઓને વિવિધ રંગોના બેલ્ટ આપવામાં આવતા હતા. આવા બેલ્ટ ઘણીવાર ડબ્લ્યુડબ્લ્યુઈ દરમિયાન જ જોવા મળે છે. નોંધનીય છે કે ડેઝર્ટ વાઈપર્સના કેપ્ટન સેમ કુરન આઈએલટી ૨૦ ૨૦૨૫-૨૬ માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતા. તેમણે ટુર્નામેન્ટનો શ્રેષ્ઠ બેટ્સમેન એવોર્ડ તેમજ મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર એવોર્ડ જીત્યો. તેમને શ્રેષ્ઠ બેટ્સમેન માટે ગ્રીન બેલ્ટ અને એમવીપી માટે રેડ બેલ્ટ મળ્યો.

સેમ કુરન આ આઈએલટી ૨૦ સીઝનમાં કુલ ૧૨ મેચ રમ્યા, ૧૨ ઈનિંગ્સમાં ૪૯.૬૨ ની સરેરાશથી ૩૯૭ રન બનાવ્યા. તેણે આ બધા રન ૧૩૫.૪૯ ના સ્ટ્રાઈક રેટથી બનાવ્યા. તેણે સમગ્ર સીઝન દરમિયાન ૨૯ ચોગ્ગા અને ૧૭ છગ્ગા ફટકાર્યા, જેનો તેનો સર્વોચ્ચ સ્કોર ૭૪ હતો.

ફાઈનલમાં, પ્રથમ બેટિંગ કરતા, ડેઝર્ટ વાઈપર્સે ૪ વિકેટે ૧૮૨ રન બનાવ્યા. કુરનએ ૭૪ રન સાથે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું, જેમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા. ત્યારબાદ, વાઈપર્સ બોલરોએ એમઆઈ ને ૧૮૨ રનનો લક્ષ્યાંક પ્રાપ્ત કરતા અટકાવ્યો.

# અર્ચના પૂરણ સિંહના પુત્ર આર્યમાનને તેની મંગેતર યોગિતા બિહાની તરફથી જન્મદિવસની અમૂલ્ય ભેટ મળી



મુંબઈ,

અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠી હાલમાં તેમના પુત્રો આર્યમન અને આયુષ્માન સેઠી અને તેમના ભાગીદારો સાથે લંડનમાં કૌટુંબિક વેકેશન માણી રહ્યા છે. આ વેકેશન દરમિયાન, અર્ચનાએ ચાહકો સાથે એક હૃદયસ્પર્શી વ્લોગ શેર કર્યો, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે કેવી રીતે પરિવારે આર્યમન માટે તેના ૩૦મા જન્મદિવસ પર એક અદ્ભુત અને ભાવનાત્મક સરપ્રાઈઝ આપ્યું. આર્યમન સેઠીનો જન્મદિવસ યાદગાર બની ગયો જ્યારે તેની મંગેતર, યોગિતા બિહાનીએ તેને એક અમૂલ્ય ભેટ આપી.વ્લોગ આર્યમનના ખાલી ઘરમાં જાગવાથી શરૂ થાય છે. તે રૂમ છોડીને જાય છે અને તેના જન્મદિવસ માટે શણગારેલું ઘર જુએ છે. અંદર એક કાર્ડ છુપાયેલું છે, જેમાં જન્મદિવસનું સરપ્રાઈઝ છે. આર્યમન પ્રથમ કોયડાથી મૂંઝાઈ જાય છે, જેના કારણે તે તેના પિતા, પરમીત સેઠીને મદદ માટે બોલાવે છે. જેમ જેમ તે ચાવી સમજે છે, તેમ તેમ તે પરમીતને તેની રાહ જોતો જુએ છે, અને સાહસ શરૂ થાય છે જ્યારે તેને આગામી ચાવી મળે છે.આયુષ્યમાન તેના ભાઈ આર્યમાનને ડિઝની સ્ટોર પર લઈ જાય છે, જ્યાં તેની મંગેતર, યોગિતા બિહાની, તેની રાહ જોઈ રહી છે.

# લગ્નના ૧૫ વર્ષ બાદ માહી વિજ અને જય ભાનુશાલી અલગ થશે

## જય અને માહી તેમની ૬ વર્ષની દીકરી તારાનો ઉછેર સાથે મળીને કરી રહ્યા છે અને આ ચાલુ રાખશે



મુંબઈ,

પ્રખ્યાત ટીવી કપલ માહી વિજ અને જય ભાનુશાલીએ આખરે તેમના છૂટાછેડાની પુષ્ટિ કરી છે. તેમણે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે, જેનાથી તેમના ૧૪ વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો છે. આ સમાચાર પછી ચાહકો ભાવુક થઈ ગયા છે, કારણ કે માહી અને જય લાંબા સમયથી એક મજબૂત અને ખુશ દંપતી માનવામાં આવે છે. તેમના અલગ થવાની અફવાઓ છેલ્લા કેટલાક સમયથી ફેલાઈ રહી છે.માહી વિજ અને જય ભાનુશાલીએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે તેમણે આ નિર્ણય વિચારપૂર્વક અને શાંતિથી લીધો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમના સંબંધમાં કોઈ ખામી કે ખોટું કામ નથી. આ અલગ થવું નકારાત્મકતાને કારણે નથી, પરંતુ માનસિક શાંતિ, પરસ્પર આદર અને સારા ભવિષ્ય માટે લેવામાં આવેલ નિર્ણય છે.ઈન્સ્ટાગ્રામ સ્ટોરી અપડેટમાં, આ દંપતીએ લખ્યું, આજે આપણે એક એવા વળાંક પર પહોંચી ગયા છીએ જે જીવનએ આપણા માટે પસંદ કર્યો છે. સાથે મળીને, આપણે પ્રેમ, પ્રગતિ, સમજણ અને માનવતાના આપણા સહિયારા મૂલ્યોને અનુસર્યા છે. શાંતિ માટે, આપણા બાળકો માટે, ખુશી માટે, અને સૌથી અગત્યનું, એકબીજા માટે, આપણે અલગ થવાનો નિર્ણય લીધો છે. આપણે સૌ પ્રથમ શ્રેષ્ઠ મિત્રો રહીશું અને જીવન આપણા પર જે કંઈ પણ ફેંકે છે તેનો આદર અને સમજણ સાથે સામનો કરીશું.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | ડો | કા | ણા | અ | કા | મા | ઊ | બિ | ક | ર | દુ |
| ડો | પ્ર | ન | ર | કે | સ | રી | લ | હિ | બિ | વિ | બ |
| નિ | વે | દ | ન | ગ | વિ | ક | ર | ન | ધા | આ | ર |
| મ | ત્રિ | ર | ક | ચી | સ | ઇ | ધ | જી | ણિ | ઉ | કા |
| જ | વે | ણે | ક્ષ | વા | આ | કા | મ | ર | સા | ઈ | કુ |
| શ | ણી | ધો | ક્ષ | એ | દુ | ખ | ભ | મો | વ | ધ | કા |
| શિ | મા | મ | ર | ન | શિ | નિ | બ | બિ | ફ | ણે | મો |
| ડો | ત | હિ | દ | ણ | ધ | પ્ર | યા | દા | ઐ | ર | લ |
| ગ | મા | ગ | ત | અં | ધી | જ | કી | કી | બા | ક | તી |
| હા | ત્રિ | દ | બ | દ | બો | ર | પ્ર | ક | ર | ણ | અં |
| દ | કો | દ | સ | લ | ર | અ | જ | રા | ડો | બિ | લા |
| વિ | ણ | વા | તુ | આ | મા | ઓ | ક | રી | કા | બ | ઔ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# કાર્તિક આર્યન પોતાની બહેનના લગ્નમાં મહેમાન હતો, તેણે મફતમાં ડાન્સ કર્યો



મુંબઈ,

"ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો" ની સીઝન ૪ તાજેતરમાં પ્રીમિયર થઈ અને ચાહકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે. રસપ્રદ વાર્તાઓથી લઈને ખાસ મહેમાનો સુધી, આ શો દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. શોના છેલ્લા એપિસોડમાં અનન્યા પાંડે અને કાર્તિક આર્યન હતા, જેમની રોમેન્ટિક ફિલ્મ "તુ મેરી મેં તેરા મેં તેરા મેરી" તાજેતરમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. અભિનેત્રી અનન્યાએ પ્રેમ અને ડેટિંગ જીવન પર પોતાના વિચારો શેર કર્યા. અભિનેતા કાર્તિકે તેની બહેનના લગ્ન વિશે ઘણી રસપ્રદ વાતો શેર કરી.એપિસોડ દરમિયાન, હોસ્ટ કપિલ શર્માની કાર્તિકની બહેન કૃતિકા તિવારી અને તેના પાઈલટ પતિ તેજસ્વી કુમાર સિંહ સાથેની વાતચીત એક ખાસ વાત હતી. કપિલે પહેલા મજાકમાં કહ્યું કે કાર્તિક શોમાં નિયમિત બની ગયો છે, દરેક સીઝનમાં દેખાયો છે. તેણે વધુમાં ઉમેર્યું કે ફક્ત તે જ નહીં, પરંતુ તેની માતા, પિતા, બહેન અને તેનો કૂતરો, કટોરી પણ શોમાં દેખાયા છે. પછી, કપિલે કાર્તિકના સાળા તેજસ્વીનું સ્વાગત કર્યું, જે પાઈલટ છે. તેણે તેને ચીડવ્યો અને પૂછ્યું, "ભાભી, પાઈલટ સાહેબ, તમે અહીં બેઠા છો, તેથી જ ફ્લાઈટ્સ ઉડતી નથી."

કપિલે પછી તેને કાર્તિકની બહેન સાથેની તેની પ્રેમકથા વિશે પૂછ્યું. તેજસ્વીએ જવાબ આપ્યો, "મને ખબર નથી, હું હમણાં જ ગ્વાલિયરના લોકેશનમાં પ્રવેશ્યો હતો, અને ફ્લાઈટ પોતાની મેળે જ ઉડાન ભરી. ઓટોપાયલટ પર." કપિલે તેને પૂછ્યું કે શું તેણે ક્યારેય કાર્તિક આર્યનનો સાળો હોવાનો બડાઈ માર્યો છે, જેના જવાબમાં તેણે જવાબ આપ્યો, "મેં હજી સુધી એવું કર્યું નથી." કપિલે મજાકમાં કહ્યું કે તે આ એપિસોડ પછી ચોક્કસપણે પ્રખ્યાત થઈ જશે.

# બગદાણા હુમલા પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ માટે એસઆઈટીને સુકાન

## રેન્જ આઈજીની સીધી દેખરેખ હેઠળ ધારી એએસપીની અધ્યક્ષતામાં એસઆઈટી આ કેસની તપાસ કરશે



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૬

બગદાણાના કોળી સમાજના યુવક પર હુમલાના કેસમાં રાજકારણ ગરમાતા મામલો મુખ્યમંત્રી સુધી પહોંચ્યા બાદ નિષ્પક્ષ તપાસ માટે એસઆઈટીને સુકાન સોંપાયું છે. ફરિયાદીના કહેવા મુજબ પોલીસે ફરિયાદ નહી લખી હોવાના અને આરોપીઓને છાવરવાના આક્ષેપો બાદ તપાસ બગદાણા પીઆઈની બદલી કરી, તપાસ મહુવા ટાઉન પીઆઈને સોંપવામાં આવી હતી. જે બાદ હવે આ મામલાની તપાસ માટે રેન્જ આઈજી દ્વારા એસઆઈટીનું ગઠન કરવામાં આવ્યું છે. જેમાં અમરેલી અને બોટાદના પોલીસ અધિકારીઓનો સમાવેશ કરાયો છે. રેન્જ આઈજીની સીધી દેખરેખ હેઠળ ધારી એએસપીની અધ્યક્ષતામાં એસઆઈટી આ કેસની તપાસ કરશે.

હાઈપ્રોફાઈલ બની ચુકેલા આ કેસના પ્રારંભમાં ફરિયાદીના કહેવા પ્રમાણે ફરિયાદ નહી નોંધવામાં આવી હોવાના અને આરોપીઓને છાવરવાના આક્ષેપો બાદ કેસની તપાસ કરી રહેલા બગદાણા પીઆઈ ડાંગરને જિલ્લા પોલીસવડાએ વહીવટી કારણ આગળ ધરી તાત્કાલિક અસરથી લીવ રિઝર્વમાં મુકીઆ કેસની તપાસ મહુવા પીઆઈને સોંપવામાં આવી હતી. જે બાદ આ કેસમાં હત્યાના પ્રયાસની કલમનો ઉમેરો કરી આઠેય આરોપીને ઝડપી પાડી રિમાન્ડ બાદ જેલહવાલે કરવામાં આવ્યા હતા. જે બાદ આ કેસમાં ભાવનગર પોલીસ પર ગંભીર આક્ષેપો થતાં હવે આ મામલે ભાવનગર રેન્જ આઈજી દ્વારા એસઆઈટીનું ગઠન કરવામાં આવ્યું છે. ધારી એએસપીની અધ્યક્ષતામાં કુલ પાંચ સભ્યોની બનેલી એસઆઈટીએ રેન્જ આઈજીના સુપરવિઝન હેઠળ આ કેસની ઝીણવટ ભરી તપાસ કરી રોજેરોજનો રિપોર્ટ રેન્જ આઈજીને સોંપવાનો રહેશે.

સમગ્ર કેસની તપાસમાં ભાવનગર પોલીસની ભૂમિકા પર અનેક સવાલો ઉભા થયા હતા અને તેના કારણે એસઆઈટીમાં ભાવનગરના અધિકારીઓને પડતા મુકી અમરેલી અને બોટાદના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે આગામી દિવસોમાં આ કેસમાં નવા નામો ખુલવાની પ્રબળ સંભાવના જોવાઈ રહી છે.

# હેબતપુર નજીક અકસમાત સર્જાતા જેસર પંથકના બાઈક ચાલકનું મોત

## યુવાન બાઈક લઈને સુરત જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના અયાવેજ નંબર ૨ ના વતની અને હાલ સુરત ખાતે રહેતા યુવાન પોતાનું બાઈક લઈને સુરત જતા હતા ત્યારે ભાવનગર અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર આવેલ હેબતપુર નજીક સાઈડ પર આવેલી લોખંડની રેલીંગ પાસે પાર્ક કરેલ બાઈક સાથે અથડાતા યુવાનનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર જેસર તાલુકાના અયાવેજ નંબર ૨ ના વતની અને હાલ સુરત ખાતે રહેતા અજયભાઈ સોમતભાઈ પરમાર ( ઉ.વ ૨૬ ) પોતાનું મોટરસાયકલ નંબર જીજે ૦૪ ઈએચ ૧૮૩૨ લઈને મરણના કામે અયાવેજ નંબર ૨ ખાતે આવ્યા હતા.અને મરણનું કામ પૂર્ણ થતા બાઈક લઈને સુરત જવા માટે રવાના થયા હતા.દરમિયાનમાં ભાવનગર અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર આવેલ હેબતપુર નજીક સાઈડ પર આવેલી લોખંડની રેલીંગ પાસે પાર્ક કરેલ બાઈક નંબર જીજે ૦૪ એજે ૯૯૭૯ સાથે અથડાવી દેતા અજયભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી.ઈજાગ્રસ્તને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના પિતા સોમતભાઈ પરમારે ધોલેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મોતીતળાવની જુથ અથડામણમાં ૮ શખ્સોને ઝડપી વરઘોડો કઢાયો

## ઘર પર હુમલો કરનાર ટોળામાંથી શખ્સોની ઓળખ કરી કાર્યવાહી કરશે પોલીસ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૬

ભાવનગર શહેરના મોતીતળાવ વિસ્તારમાં રહેતા શિવદંત પરમહંસ સાહની અને તેના પરિવારના સભ્યો ઘરે મોડી રાત્રે હાજર હતા. ત્યારે રાજકુમાર બ્રિજમલ્લ સાહની કુતરાને બિસ્કીટ નાંખતા હતા. જે દરમિયાન કુંભારાવાડા ખાતે રહેતો ઝુબેર મહેબુબભાઈ શેખ નામનો શખ્સ તેની મોટર સાયકલ લઈને પરુપાટ ઝડપે નિકળેલો જેથી તેને રાજકુમાર સાથે ઝઘડો કરવા લાગેલ. જે બાદ ઝુબેરને તરફેણમાં પચ્ચીથી વધુ લોકોનું ટોળું તેમના ઘર નજીક ધસી આવતા સામસામી જુથ અથડામણ સર્જાઈ હતી. અને સામસામી પથ્થરમારો થતાં આઠેક લોકોને ગંભીર ઈજા થતાં સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

યાસીન આલમભાઈ શેખે આ મામલે શિવદંત શાહની, રાજુકુમાર શાહની, ગોતમ શાહની, અભિમાન્યુ ત્રીકોલનાથ શાહની, ગોવિંદ મલા, તેમજ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે મામલે સામા પક્ષે પોલીસે પચ્ચીથી વધુ લોકોના ટોળા સામે પાંચ શખ્સો વિરૂદ્ધ જ ફરિયાદ લીધી હતી. જેમાં ઝુબેર મહેબુબભાઈ શેખ, અનીસ ઉર્ફે સાહિલ રીજુભાઈ પઠાણ, યાસીન આલમભાઈ શેખ, અખ્તર આલમભાઈ શેખ, હસન મહમદભાઈ શેખની સામે ફરિયાદ નોંધી હતી.આ મામલે પોલીસે બંન્ને પક્ષના આઠ શખ્સોની ધરપકડ કરી, ઘટના સ્થળે લાવી રિ-કન્સ્ટ્રક્શન કરાયું હતું.પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શન દરમિયાન સમગ્ર મોતી તળાવ વિસ્તારમાં આરોપીઓને ફેરવ્યા હતા.

દરમિયાનમાં બોરતળાવ પોલીસ દ્વારા ઘટના સ્થળે લાગેલા તમામ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયેલી સંપૂર્ણ ઘટનાનો તાગ મેળવવામાં આવી રહ્યો છે અને જેના આધારે બાકી રહેલા અન્ય શખ્સોની જેમ જેમ ઓળખ થશે તેમ તેમ તેમના વિરૂદ્ધ ફરિયાદ નોંધી ધરપકડ કરવામાં આવશે. તેમ પોલીસે જણાવ્યું હતું.

# શિશુવિહારમાં સ્વસ્થ વૃદ્ધત્વ કાર્યક્રમનું આજે સાંજે સમાપન

ભાવનગર,તા.૬

શિશુવિહાર સંસ્થાના આંગણે ૧૫ ઓગસ્ટથી પ્રારંભાએલ સ્વસ્થ વૃદ્ધત્વ કાર્યક્રમનું સમાપન આજે મંગળવારે સાંજે ૪.૩૦ યોજાશે.ભાવનગર વૃદ્ધાશ્રમના પ્રમુખ ડો.નીલાબેન ઓઝાના અધ્યક્ષ સ્થાને યોજાનાર સમાપન કાર્યક્રમમાં ૩૮ વડીલો પરિવાર સાથે ઉપસ્થિત રહી મનોરંજન કાર્યક્રમ રજૂ કરશે.

આ પ્રસંગે પાંચ મહિના માટેના નિજાનંદની કેળવણી કાર્યક્રમમાં અત્યંત નિષ્ઠાથી ભાગ લેનાર વડીલોનું અભિવાદન.ઉપરાંત તમામ વડીલોને નિયમિત રીતે યોગ શિક્ષણ આપનાર જાનવીબેન અંધારીયાનું વિશેષ અભિવાદન થશે. એક્સેલ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અશ્વિનભાઈ શ્રોફના વિશેષ સહકારથી યોજાયેલ તાલીમ દરમિયાન વડીલો પોતાના બાકી આયુષ્યને સ્વસ્થ રાખવા સંકલ્પ પત્ર પણ રજૂ કરશે. આ પ્રસંગે વડીલોએ તૈયાર કરેલ સર્જનાત્મક પ્રવૃત્તિઓનું પ્રદર્શન યોજાશે. ૬૦ વર્ષ પછી પણ વડીલો સ્વસ્થ રહી શકે છે .તેના ઉત્તમ ઉદાહરણ તરીકેના આ કાર્યક્રમની ઉપયોગીતા જોતા આગામી ૨૬ જાન્યુઆરીથી બીજો વર્ગ પણ શિશુવિહારમાં રોબર્ટ ભાઈ ફર્નાન્ડીસના માર્ગદર્શનમાં શરૂ થનાર છે.

# દુષ્કર્મના ગુનાના આરોપીઓના જામીન નામંજુર

## નેસડા અને ગુંદાળા ગામના આરોપીના જામીન ફગાવાયા

ભાવનગર તા. ૬

ભાવનગર પંથકમાં જુદા જુદા બે બનાવોમાં જુદી જુદી બે સગીરાઓ ઉપર દુષ્કર્મ આચર્યાના ગુના નોંધાયા હતા આ બંન્ને બનાવોમાં સંડોવાયેલા આરોપીઓને પોલીસે જુદી જુદી કલમો હેઠળ ઝડપી લઈ જેલ હવાલે કર્યા હતા. આરોપીઓએ જેલમાંથી મુક્ત થવા પોતાની વકીલ મારફતે જામીન અરજી કરી હતી અદાલતે બંન્ને આરોપીઓના જામીન નામંજુર કર્યા હતા. આ બનાવની જાણવા મળેલ વિગતો મુજબ આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનારને આ કામના આરોપી વિશાલ મુન્નાભાઈ રાઠોડ (ઉ.વ.૨૦) ધંધો : મજુરી રહે. નેસડા ગામ તા. શિહોર જી. ભાવનગર મુળ રહે. દાદાની વાવ પાસે શિહોર, નામનો શખ્સ ભોગબનનારને લગ્ન કરાવની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભોગબનનારને અપહરણ કરી લઈ આરોપી ભોગબનનાર સગીરવયની હોવાનું જાણવા છતા ભોગબનનાર સાથે દુષ્કર્મ કરી જાતીય પ્રવેશ હુમલો કરી ગુન્હો કર્યો હતો. આ બનાવના આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે પોતાના વિકલ મારફતે ભાવનગરના ત્રીજા એડી. સેશન્સ જજ સ્પે. (પોક્સો કોર્ટ) જજ એચ.એસ.દવેની કોર્ટમાં જામીન અરજી રજુ કરી હતી આ જામીન અરજી ચાલી જતા સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારકદલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન અરજી અદાલતે નામંજુર કરી હતી.

અન્ય બનાવમાં આરોપી રમેશભાઈ વલ્લભભાઈ મકવાણા (ઉ.વ.૨૩) ધંધો : ડ્રાઈવીગ રહે. ગુંદાળા ઢાળમાં ગુંદાળા વિસ્તાર શિહોર જી.ભાવનગર મુળ માલપર, તા. ઘોઘા જી.ભાવનગર નામનો શખ્સ ફરીયાદીની સગીરવયની દિકરી ભોગબનનાર ઈશારો કરી જાતીય સતામણી કરી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે આરોપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભોગબનનારને અપહરણ કરી લઈ જઈ ભોગબનનાર સગીરવયની હોવાનું જાણવા છતા ભોગબનનાર સાથે અવાર નવાર દુષ્કર્મ કરી જાતીય પ્રવેશ હુમલો કરી ગુન્હો કર્યો હતો. આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે પોતાના વકિલ મારફતે ભાવનગરના ત્રીજા એડી. સેશન્સ જજ સ્પે. (પોક્સો કોર્ટ) જજ એચ.એસ.દવેની કોર્ટમાં જામીન અરજી રજુ કરી હતી આ જામીન અરજી ચાલી જતા સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન અરજી અદાલતે નામંજુર કરી હતી.

# સહજાનંદ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી પ્રો. સુરેશભાઈ સવાણીના પત્નિનું અવસાન, ગુરુવારે બેસણું



ભાવનગરની સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને ભાવનગર યુનિવર્સિટી વાણિજય ભવનના નિવૃત અધ્યક્ષ પ્રો.સુરેશભાઈ સવાણીના પત્નિ સરયૂબેન સુરેશભાઈ સવાણીનું તા.૫ને સોમવારે અવસાન થતા પરિવારમાં શોકની લાગણી છવાઈ છે. તે ડો. મનાલી સુજલ પરીખ (અમદાવાદ), ડો. પ્રકૃતિ નીલ પટેલ (અમેરિકા)ના માતુશ્રી, કિઆન, કિઆનાના નાનીમાં, હિરેનભાઈ સવાણી, જીતેન્દ્રભાઈ સવાણીના ભાભી, જાદવભાઈ રણછોડભાઈ ડોબરિયા (અડતાળા)ના દીકરી તથા મેનેજીંગ ટ્રસ્ટી, સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ભાવનગર અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૮/૧ને ગુરુવારે, સાંજે ૪ થી ૬, સ્વામી સહજાનંદ કોલેજ, પ્લોટ નં. ૬૩૯, ઈસ્કોન મેગા સીટી, ભાવનગર રાખેલ છે.

અનુ.પાના ૮નું શરૂ...

## દિલ્હીથી પતિને શોધવા

રહેવા આવ્યા હતા અને તેમને ફરી દિલ્હી જવા દેવામાં આવતા ન હતા. આ પીડિતા બેન અવારનવાર પતિને મળવા માટે ગુજરાત આવતા રહેતા હતા.છેલ્લા બે અઠવાડિયાથી પીડિતાના પતિના પરિવારજનોએ પતિ સાથે કોઈ પણ પ્રકારની ટેલિફોનિક કે વીડિયો કોલ દ્વારા વાતચીત બંધ કરી દીધી હતી. પીડિતા બેન જ્યારે ફોન કરતા ત્યારે કોઈ અજાણ્યો વ્યક્તિ ફોન ઉપાડી ગાળો આપતો હતો. પીડિતાએ પતિએ જણાવેલા સ્થળોએ જઈ તપાસ કરી, પરંતુ ક્યાંય પતિનો પત્તો લાગ્યો ન હતો. વધુ તપાસમાં જાણવા મળ્યું કે જે નંબર પરથી ફોન ઉપાડવામાં આવતો હતો તે પીડિતાના પતિના આગલા ઘરના દીકરાનો છે. પીડિતા જે વ્યક્તિને પોતાનો પતિ માને છે તે વ્યક્તિના અગાઉથી લગ્ન થયેલા હોવાનું અને તેમને ૨૫ વર્ષના સંતાનો હોવાનું પણ જાણવા મળ્યું. હાલમાં તે વ્યક્તિ ક્યાં છે તેની જાણ તેમના પરિવારજનોને પણ નથી, તેવી માહિતી આપવામાં આવી હતી.આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન પીડિતા બેન ત્રણ વર્ષના બાળક સાથે કડકડતી ઠંડીમાં પાલીતાણા બસ સ્ટેન્ડ વિસ્તારમાં બે રાતથી રહી રહ્યા હતા. તેમની પાસે દિલ્હી પરત જવા માટે ભાડાના પૈસા પણ ન હતા અને ગુજરાતમાં કોઈ સગા-સંબંધીઓ ન હોવાથી પીડિતા અત્યંત માનસિક તણાવમાં હતા.પીડિતાની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી અભ્યમ ટીમ દ્વારા તેમને તાત્કાલિક સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સલામત આશ્રય આપવામાં આવ્યો છે. આશ્રય સાથે પીડિતાને જરૂરી કાઉન્સેલિંગ આપવામાં આવી રહ્યું છે અને તેમના પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન તથા ઉકેલ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈન ગુજરાતમાં મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે સુરક્ષા, સહારો અને આશ્રયનું મજબૂત આધારસ્તંભ બની રહી છે.

## ભારત સહિત ૩૬ દેશોના ૩૯ ભાષાના અખબારો- સામયિકોનું કરાશે પ્રદર્શન

# ગોધા ઈંગ્લીશ સ્કૂલ ખાતે વર્તમાનપત્ર તથા સામયિક સંગ્રહ પ્રદર્શનનું આયોજન

### છેલ્લા સો વર્ષના ઐતિહાસિક વર્તમાનપત્રોથી લઈને આજના સમયના આધુનિક વર્તમાનપત્રો, સામયિકો તેમજ પાઠ્યપુસ્તકોનો દુર્લભ સંગ્રહ પ્રદર્શિત કરાશે

ભાવનગર,તા.૬

ભાવનગર સરકારી જિલ્લા પુસ્તકાલય અને ઘોઘા તાલુકાની ગોધા ઈંગ્લીશ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ઘોઘાની ગોધા ઈંગ્લીશ સ્કૂલ ખાતે તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૬ (ગુરૂવાર) થી તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય 'વર્તમાનપત્ર તથા સામયિક સંગ્રહ પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનો પ્રારંભ તા. ૮ જાન્યુઆરીના રોજ સવારે ૯ કલાકે કરવામાં આવશે. શાળાના ધોરણ–૧૨ના ભૂગોળ વિષયને આધારિત આ પ્રદર્શન શૈક્ષણિક, સાહિત્યિક અને ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે.

આ પ્રદર્શનમાં છેલ્લા સો વર્ષના ઐતિહાસિક વર્તમાનપત્રોથી લઈને આજના સમયના આધુનિક વર્તમાનપત્રો, વિવિધ વિષયોના સામયિકો તેમજ પાઠ્યપુસ્તકોનો વિશાળ અને દુર્લભ સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવશે. ભારત સહિત કુલ ૩૬ દેશોના અને ૩૯ ભાષાના ૧,૦૦૦થી વધુ વર્તમાનપત્રો તથા ૮૫૦થી વધુ સામયિકો આ પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ રહેશે.

આ પ્રદર્શનમાં ભારતના મોટા ભાગના રાજયોમાંથી પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રો ઉપરાંત સંસ્કૃત, મેઘાલયની ગારો-ખાસી, સિક્કીમની નેપાળી, ત્રિપુરાની કોકબોરોક, ઓડિશાની સંથાલી જેવી અલભ્ય ભાષાઓના વર્તમાનપત્રો પણ જોવા મળશે.

લંડનથી ઈ.સ. ૧૮૯૭માં પ્રસિદ્ધ થયેલું 'ટાઈમ્સ', ૧૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહેલા 'સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ', તેમજ 'ભાવનગર સમાચાર' અને 'કાઠીયાવાડ ટાઈમ્સ' જેવા ઐતિહાસિક અખબારો પ્રદર્શનને વિશેષ ગૌરવ આપશે. ઈન્દિરા ગાંધીજીની હત્યા, ઈ.સ. ૨૦૦૧નો વિનાશક ભૂકંપ, ભારતની આઝાદીના ૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી જેવી ઐતિહાસિક ઘટનાઓના સમયના વિશેષ વર્તમાનપત્રો તથા તેના 'વધારા' પણ દર્શનાર્થે મૂકવામાં આવશે.

એકમાત્ર આંતરરાષ્ટ્રીય હિન્દી બ્રેલ વર્તમાનપત્ર, ભારતનું પ્રથમ કાપડનું વર્તમાનપત્ર તથા હલ્દીઘાટીની માટીના 'માસ્ટર હેડ' સાથેનું અનોખું વર્તમાનપત્ર પણ આ પ્રદર્શનમાં સમાવિષ્ટ છે. ઉપરાંત, અમેરિકાના ૫૬ સેમી લંબાઈના ત્રણ વિશાળ વર્તમાનપત્રો પણ દર્શાવવામાં આવશે.

સાહિત્યપ્રેમીઓ માટે કવિતા, કુમાર, કૌમુદી, ગુજરાત શાળાપત્ર, દક્ષિણા, નવચેતન, નવજીવન, પરબ, પ્રકૃતિ, મિલાપ, રોશની, વસંત, સંસ્કૃતિ જેવા જૂના સમયના લોકપ્રિય સાહિત્યિક સામયિકોની ફાઈલો વિશેષ આકર્ષણ રહેશે. મહાત્મા ગાંધીજીના તંત્રીપદે પ્રકાશિત થયેલા ઐતિહાસિક અંગ્રેજી સામયિકો જેમ કે ઉઁક્રૈદ્બિક્રહ, ફ્રૈહપ્ર્ઁહદ્બૈક, મ્ર્દ્બક્રહ ની ફાઈલો પણ પ્રદર્શિત કરાશે, જોકે તેમની જર્જરિત હાલતને કારણે નિહાળવામાં મર્યાદા રહેશે.

આ ઉપરાંત ગાંધીજી અને ઝવેરચંદ મેઘાણી જેવા મહાનુભાવોના તંત્રીપદ હેઠળ પ્રકાશિત સામયિકો, ઈ.સ. ૧૯૪૬ના હસ્તલિખિત સામયિકો, તેમજ ઈ.સ. ૧૮૯૦ થી ૧૯૯૦ સુધીના ગુજરાતના કેટલાક જૂના પાઠ્યપુસ્તકો પણ પ્રદર્શનનો ભાગ રહેશે. રેલ્વે તથા એસ.ટી.ની જૂની ટિકિટો, ૪૫થી ૫૦ વર્ષ જૂની ગુજરાતી-હિન્દી ફિલ્મોના ફિલ્મી ગીતોની ગીતમાલા, માટીના કેટલાંક ઐતિહાસિક અવશેષો પણ અહીં જોવા મળશે.

શાળામાં અગાઉ યોજાયેલા 'આવો, ઘોઘાને ઓળખીએ' પ્રદર્શનના ઘોઘાના મોડેલ્સ, ઈતિહાસની ફાઈલો, છાપાના કટીંગ્સ તેમજ ૧૦૦ દેશોના સિક્કા, નોટો અને ટપાલ ટિકિટોની ફાઈલો પણ આ પ્રદર્શનમાં સમાવિષ્ટ છે.

આ પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, વાલીઓ, સાહિત્યપ્રેમીઓ અને જિજ્ઞાસુઓ સુધી જ્ઞાનસભર, ઐતિહાસિક અને નવતર માહિતી પહોંચાડવાનો તેમજ શિક્ષણ- સાહિત્યના સમૃદ્ધ વારસા પ્રત્યે સમાજમાં જાગૃતિ લાવવાનો છે. વધુ માહિતી માટે સંજય ચૌહાણ (મો. ૭૨૦૩૯૨૫૮૯૨) પર સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે. સરકારી જિલ્લા પુસ્તકાલયના ગ્રંથપાલે જાહેર જનતા અને જિજ્ઞાસુઓને બહોળા પ્રમાણમાં આ જ્ઞાનપ્રદ પ્રદર્શનનો લાભ લેવા અપીલ કરી છે.


## જાહેર અધિસુચના

### શેત્રુંજી જળાશય યોજના

રવિ ઉનાળું મોસમ ૨૦૫-૨૬ વર્ષમાં પાણીની અરજીઓ સ્વીકારવા તથા નહેર સંચાલન અંગે સિંચાઈ સાયહકાર સમિતિના સભ્યશ્રીઓની મીટીગ તા.૦૧/૦૧/૨૦૨૬ ના જ મળેલ જેવા ભેગુજી ડેમ ખાતે બહોળી સંખ્યામાં શિયાઈ સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહેલ આ મીટીગમાં ચર્ચાના અંતે કરાવેલ ઠરાવ અનુસાર હાલમાં ડેમાં ઉપલબ્ધ જથ્થા પ્રમાણે ૧૨૫૦૦ હેક્ટર વિસ્તારમાં સિચાઈનું આયોજન કરવામાં આવેલ છે. ઘેત્રુજી સિંચાઈ. વિસ્તારના પિયત વિસ્તારમાં આવતા ગામોના બાગાયતદારો પાસેથી સિંચાઈ માટે પાણી લેવા માટે છાપેલા ફોર્મ નં.૭ માં તા.૦૬/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. તથા સિચાઈ પ્રર્વતમાન સિંચાઈ દરની રકમ સાથે ભરવાની રહેશે.

૧) સિંચાઈ સલાહકાર સમિતિની મીટીંગમાં કરાયેલ હરાવ અનુસાર આયોજન વિસ્તારના ૫૦ ટકા ખરજી ફોર્મ આવ્યા બાદ નહેરમાં પાણી છોડવામાં આવશે તથા માઈનોર કેનાલમાં ૫૦ ટકા કોમ આવ્યે પાણી છોડવામાં આવશે.

૨)નહેરમાં અંદાજે તા.૧૦/૦૧/૨૦૨૬ થી પાણી છોડવાનું આયોજન છે.

૩)ઠરાવમાં નકકી થયા મુજબ તા.૦૧/૦૨/૨૦૨૬ પછી રોહ ગણ દરથી અરજીઓ સ્વીકારવામાં આવશે

૪) અરજી કોમ વિના મુલ્યે સિંચાઈ વિભાગની સેકશન કચેરીમાંથી મળશે.

૫) અરજી કોર્મ રજૂ કરતી વખતે બાગાયતદારોએ નીચેની વિગતો ધ્યાને લેવી.

૫અ) સિંચાઈ માટેનો પાણીનો ઉપલબ્ધ જથ્થો તથા નહેરની વહન શક્તિની મર્યાદા મુજબ અરજીઓ મંજૂર થયે, પાસે માળ્યા બાદ વારા મુજબ પાણી લેવાનું રહેશે.

૫બ) આધુરી વિગતવાળા તથા સુધારા-વધારા કરેલ અરજીપત્રો રદ કરવામાં આવશે.

૫ક) ખાતેદારોએ પોરીયા સ્વચ્છ અને ચોખા રાખવાના રહેશે. નહેર તથા કુવાના ધોરીયા અલગ હોવા જરૂરી છે.

૬) રજીસ્ટર પિયત મંડળોએ એક અરજી ફોર્મ આપવાનું રહેશે. તથા સિંચાઈ માટે તમામ વ્યવસ્થા મંડળે જાતે કરવાની રહેશે.

૭) જે ખાતેદારોની જમીન મુખ્ય નહેર/ડીસ્ટ્રીબ્યુટરી/બાન્યમાં કપાત ગયેલ છે, તેવા ખાતેદારો ફક્ત મુખ્ય નહેર/ડીસ્ટ્રીબ્યુટરી/બ્રાન્ચમાં કપાત થયેલ પોતાના ખેતરના સર્વે નંબર માટે જ ઉદવડન સિંચાઈ માટે ફકત ઓઈલ બેન્જીનથી પાણી લેવાની અરજી કરી શકશે. કોઈપણ સંજોગોમાં ઈલેક્ટ્રીક મોટર કે સબ મશીબલ પપનો ઉપયોગ કરવાનો રહેશે નહી. રાત્રી દરમ્યાન જ પાણી લેવાનું રહેશે પાણીની ઉપલબ્ધતાને ધ્યાને રાખીને આ વ્યવસ્થા ચાલુ રાખવી કે બંધ કરવી તે માટે સિંચાઈ ખાતાના કર્મચારી/અધિકારી મારફત સુચના મળે ત્યારે તેનો અમલ તુરત જ કરવાનો રહેશે.

૮) સરકારશ્રીના નં.જી. અને પા.પુ. વિભાગ, ગાંધીનગરના હરાવ તા. ૩૧/૦૮/૨૦૧૯ મુજબ રબી/ઉનાળુ, બે માસી પાકો તેમજ બારમાસી પાકો માટે પ્રતિ પાણ પ્રતિ ડેક્ટરના ભાવો નિયત થયા મુજબ આગોતરા ચુકવવાના રહેશે. પાણીની આગોતરી વસુલાત તથા પાછલી વસુલાત અરજી કોમની સાથે ભરવાની રહેશે.

૯) સિંચાઈ સલાહકાર સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયો શેત્રુજી યોજનાના પિયત વિસ્તારના દરેક ખાતેદારોને બંધનકર્તા રહેશે.

૧૦) રવિ સિઝન ૨૦૨૫-૨૬ માં જળાશયમાંથી સિંચાઈ માટે પાણીનો જથ્થો ઉપલબ્ધ હશે. ત્યાં સુધી સિંચાઈ માટે યોજનાની ડાબા તથા જમાણા કાંઠાની કેનાલમાં પાણી આપવાનું આયોજન છે.

૧૧)અન્ય વિશેષ માહિતી માટે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી/સેકશન અધિકારીનો સંપર્ક સાપવા વિનંતી છે.

માહીતી-ભાવ-૧૨૭૯/૨૬

# આંધ્રપ્રદેશમાં ઓએનજીસી પાઈપલાઈન લીકેજ થતા આસપાસના ગામોમાં આગ

## ગેસ લીકેજને કારણે લાગેલી આગમાં સેંકડો નારિયેળના ઝાડ બળી ગયા : સાવચેતીના ભાગ રૂપે, અધિકારીઓએ નજીકના ગામોને ખાલી કરાવી દીધા

હૈદરાબાદ,
આંધ્રપ્રદેશના કોનાસીમા જિલ્લામાં ઓએનજીસી પાઈપલાઈનમાંથી મોટા પાયે ગેસ લીકેજ થયો છે. મલિકીપુરમ વિભાગના ઈરુસ્મંડા નજીક થયેલા મોટા પાયે ગેસ લીકેજથી નજીકના ગામોમાં ધુમાડો છવાઈ ગયો છે. આગ ઝડપથી ફેલાઈ ગઈ. આગ લાગતાની સાથે જ ગ્રામજનોએ ઓએનજીસી અધિકારીઓને ચેતવણી આપી. પાઈપલાઈનમાંથી મોટા પાયે ગેસ લીકેજથી સ્થાનિક લોકો ગભરાઈ ગયા છે. સાવચેતીના ભાગ રૂપે,



અધિકારીઓએ નજીકના ગામોને ખાલી કરાવી દીધા છે.

દરમિયાન, ગેસ લીકેજને કારણે લાગેલી આગમાં સેંકડો નારિયેળના ઝાડ બળી ગયા હતા. અધિકારીઓ પાસેથી માહિતી મળ્યા બાદ ઓએનજીસીના કર્મચારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે ૧૦ દિવસ પહેલા એક ખાનગી કંપનીએ ગેસ ભંડાર પર કામ શરૂ કરી દીધું હતું.

દરમિયાન, રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુને ગેસ અકસ્માતની માહિતી મળી છે. તેમણે અધિકારીઓને રાહત કામગીરી ઝડપી બનાવવાનો આદેશ આપ્યો છે અને નજીકના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવાની સલાહ આપી છે. દરમિયાન, ગેસ લીકેજને પગલે નજીકના ગામોમાં જાહેરાતો કરવામાં આવી રહી છે, જેમાં લોકોને સાવચેતી રાખવા વિનંતી કરવામાં આવી છે.ઓએનજીસી પાઈપલાઈનમાંથી મોટા પ્રમાણમાં ગેસ લીકેજ થવાથી વિસ્ફોટ થયો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો. અહેવાલો અનુસાર, અકસ્માત સમયે ઓએનજીસી કૂવામાં ટેકનિકલ સમારકામ ચાલી રહ્યું હતું. સદનસીબે, અત્યાર સુધી કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. નજીકના ત્રણ ગામોમાં ગેસ અને વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ઓએનજીસી ટીમ સ્થળ પર હાજર છે. ગેસ લીકેજ અટકાવવાના પ્રયાસો ચાલુ છે.

# અયોધ્યા: રામ મંદિરની આસપાસ સીમા દિવાલ બનાવવામાં આવશે, ડિઝાઈન મંજૂર; માર્ચ સુધીમાં બધા મંદિરો પૂર્ણ થશે

લખનૌ,
રામ મંદિરની સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય રહેશે. મંદિરની આસપાસ ચાર કિલોમીટરના ત્રિજ્યામાં બનાવવામાં આવી રહેલી સીમા દિવાલ અને વોચ ટાવરની ડિઝાઈનને મંજૂરી આપવામાં આવી છે. રામ મંદિર નિર્માણ સમિતિની બેઠકમાં, સીમા દિવાલના બાંધકામને ઝડપી બનાવવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. અગાઉ, સીમા દિવાલની ઉત્તર બાજુએ બાંધકામ કાર્યનો મોક ટ્રાયલ પણ હાથ ધરવામાં આવ્યો હતો.

રામ મંદિર ભવન નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું છે કે રામ મંદિરની સુરક્ષા સંપૂર્ણપણે અભેદ્ય રહેશે. મંદિર સંકુલની આસપાસની આશરે ચાર કિલોમીટર લાંબી સીમા દિવાલનું બાંધકામ શરૂ થઈ ગયું છે. મંદિરની દેખરેખ અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે આ સીમા દિવાલમાં અત્યાધુનિક સુરક્ષા ઉપકરણો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આદિ શંકરાચાર્ય ગેટ તરીકે ઓળખાતા ગેટ નંબર ૧૧નું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. આ ગેટ પર આધુનિક સુરક્ષા ઉપકરણો પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. તે આ અઠવાડિયે ખુલશે. ગેટ નંબર ૩નું બાંધકામ પણ ટૂંક સમયમાં શરૂ થશે.

એવું કહેવામાં આવ્યું હતું કે મંદિર સંકુલને સુરક્ષિત રાખવા માટે ૨૫ થી વધુ વોચટાવર બનાવવામાં આવશે, જે આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે. રામ મંદિરના રક્ષણ માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે, જે ગુપ્ત રાખવામાં આવી રહ્યા છે. આ બેઠકમાં રામ મંદિર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય, ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રા, બાંધકામ પ્રભારી ગોપાલ રાવ અને અમલીકરણ એજન્સીઓના ઈજનેરો હાજર રહ્યા હતા.

ભક્તોને ખુશખબર આપતા, રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષે જણાવ્યું હતું કે રામ મંદિર ટ્રસ્ટ ટૂંક સમયમાં સપ્ત ઋષિ મંદિરમાં દર્શન માટે વ્યવસ્થા કરશે. હાલમાં, સુરક્ષા કારણોસર દરેક પગલાં અત્યંત સાવધાની સાથે લેવામાં આવી રહ્યા છે, કારણ કે સંકુલમાં કેટલીક બાંધકામ મશીનરી હજુ પણ કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે રામ મંદિર ટ્રસ્ટ આ મહિને કેટલાક નિર્ણયો લેશે.

# બિહારમાં જુનિયર એન્જિનિયર પર હુમલો થયા બાદ વીજળી વિભાગે આખા ગામની વીજળી કાપી નાખી!

## વીજળી ગુલ થવાથી સરકારની મહત્વાકાંક્ષી નળ પાણી યોજના પણ ખોરવાઈ ગઈ: લોકો પાણી માટે પણ તરસ્યા

પટણા,
રોહતાસ જિલ્લાના શિવસાગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જિગ્ના ગામમાં વીજળી બોર્ડના જુનિયર એન્જિનિયર પર થયેલા હુમલા બાદ, આખા ગામનો વીજળી પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો, જેના કારણે ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એવું જાણવા મળ્યું છે કે શનિવારે વહેલી સવારે ગામનો વીજળી પુરવઠો સંપૂર્ણપણે કાપી નાખવામાં આવ્યો હતો. વીજળી ગુલ થવાથી સરકારની મહત્વાકાંક્ષી નળ પાણી યોજના પણ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે ગ્રામજનો પીવાના પાણી માટે તરસ્યા હતા. સાંજ પડતાં આખું ગામ અંધારામાં ડૂબી જાય છે, જેના કારણે બાળકોનું શિક્ષણ અને દૈનિક પ્રવૃત્તિઓ ખોરવાઈ જાય છે.

છેલ્લા બે દિવસથી, ગામ સંપૂર્ણપણે વીજળી વિનાનું છે. નળ પાણી યોજનામાંથી પાણી પુરવઠો પણ ઉપલબ્ધ નથી, જેના કારણે ગ્રામજનોને પાણી માટે દૂર દૂર ભટકવું પડે છે. સાંજ પડતાં જ અંધારું છવાઈ જાય છે, જેના કારણે રસોઈ બનાવવી, મોબાઈલ ફોન ચાર્જ કરવા અને અન્ય જરૂરી કાર્યો મુશ્કેલ બને છે. ગ્રામજનોનું કહેવું છે કે જેઈઈએ એક વ્યક્તિ પર હુમલો કર્યો હતો, પરંતુ તેના માટે આખા ગામને સજા આપવી અન્યાયી છે. આખા ગામનો વીજળી કાપી નાખવાના વીજળી વિભાગના નિર્ણયને અન્યાયી અને સરમુખત્યારશાહી ગણાવવામાં આવી રહ્યો છે.

વીજળી બોર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે કેટલાક ગ્રામજનોએ જઈ પર હુમલો કર્યો હતો અને ગેરકાયદેસર વીજળીના ઉપયોગની ફરિયાદો પણ મળી છે. જોકે, તેમણે આખા ગામમાં વીજળી કાપવા અંગે ચોક્કસ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જો કોઈ લાઈનો કાપવામાં આવી હોય, તો તેને ટૂંક સમયમાં ફરીથી જોડવામાં આવશે.

# માઘ મેળો: પ્રયાગરાજ પોલીસ વડાએ અધિકારીઓને ટ્રાફિક જામ મામલે ખાસ ચેતવણીઓ આપી

પ્રયાગરાજ,
ઉત્તર પ્રદેશના પવિત્ર શહેર પ્રયાગરાજમાં માઘ મેળો ૨૦૨૬ ઔપચારિક રીતે શરૂ થઈ ગયો છે, જેમાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર પવિત્ર સ્નાન કરવા માટે લાખો શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે. યાત્રાળુઓના મોટા ધસારાને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર અને પોલીસે વ્યાપક અને મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. આ તૈયારીઓ વચ્ચે, પ્રયાગરાજ પોલીસ કમિશનરે ફરજ પરના અધિકારીઓને કડક ચેતવણી આપી છે.

પ્રયાગરાજ પોલીસ કમિશનર જોગેનરા કુમાર અને અધિક પોલીસ કમિશનર અજય પાલ શર્માએ આગામી સ્નાનના દિવસો પોષ પૂર્ણિમા સ્નાનની જેમ જ સુચારૂ રીતે પસાર થાય તે સુનિશ્ચિત કરવા માટે જમીન પર પ્રયાસો શરૂ કરી દીધા છે. સોમવારે, સીપી જોગેન્દ્ર કુમારે સમગ્ર મેળા વિસ્તારનું નિરીક્ષણ કર્યું, તૈયારીઓની સમીક્ષા કરી અને સ્થળ પર તૈનાત પોલીસ અધિકારીઓ અને ટ્રાફિક કર્મચારીઓ સાથે સીધી વાતચીત કરી. તેમણે તેમને ભીડ અને ટ્રાફિક વ્યવસ્થાપનની બારીકાઈથી પણ માહિતગાર કર્યા.

અધિકારીઓને કમિશનરની સ્પષ્ટ ચેતવણી

પોલીસ કમિશનરે શ્રદ્ધાળુઓ માટે આરામ અને સલામતી સુનિશ્ચિત કરવા પર સૌથી વધુ ભાર મૂક્યો. તેમણે પોલીસ કર્મચારીઓને વારંવાર નમ્રતાપૂર્વક વર્તન કરવા અને યાત્રાળુઓને મહત્તમ સહાય આપવા સૂચના આપી. તેમણે સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યું કે, "જો કોઈ પણ સ્થળે ટ્રાફિક જામ થાય છે, તો તે ચોક્કસ વિસ્તારના નિરીક્ષકને સીધી જવાબદાર ગણવામાં આવશે."

સ્નાનના ચાર મુખ્ય દિવસો હજુ બાકી છે

માઘ મેળામાં હજુ ચાર મહત્વપૂર્ણ સ્નાનના દિવસો બાકી છે. તેમાંથી, મૌની અમાવાસ્યાની તૈયારીઓને સૌથી વધુ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સીપી અને એડિશનલ સીપી અજય પાલ શર્મા બંને રોડ રૂટથી લઈને સ્નાન ઘાટની વ્યવસ્થા સુધીની દરેક વિગતોનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે. શહેરની બહારથી આવતા વાહનોને નિયુક્ત પાર્કિંગ સ્થળોએ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે, જ્યાંથી શ્રદ્ધાળુઓ ઘાટ સુધી પહોંચવા માટે રેપિડો સવારી લઈ શકે છે. પોલીસ ટીમના સફળ સંચાલનને કારણે પોષ પૂર્ણિમા સ્નાન સુગમ રહ્યું, જે દરમિયાન લગભગ ૩૧ લાખ યાત્રાળુઓએ શહેરની અંદર કોઈપણ ટ્રાફિક સમસ્યા વિના પવિત્ર સ્નાન કર્યું. આગામી સ્નાનના દિવસો માટે સમાન કાર્યક્ષમતા જાળવવા માટે, વરિષ્ઠ અધિકારીઓ સતત અપડેટ્સની સમીક્ષા કરી રહ્યા છે અને જરૂરી નિર્દેશો જારી કરી રહ્યા છે.

# ઉત્તર પ્રદેશના મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચા વચ્ચે મુખ્યમંત્રી યોગી દિલ્હીમાં પીએમ મોદીને મળ્યા

નવી દિલ્હી,
ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોમવારે પ્રધાનમંત્રી નિવાસસ્થાને પ્રધાનમંત્રી મોદી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ મંત્રીમંડળ વિસ્તરણ અને ૨૦૨૭ની ચૂંટણીઓ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

બંને નેતાઓએ રાજ્યની વિકાસ યોજનાઓની ચર્ચા કરી હતી

તેઓએ રાજ્યની વિકાસ યોજનાઓ તેમજ આગામી ચૂંટણીઓ માટેની રાજકીય રણનીતિ પર પણ ચર્ચા કરી હતી. પીએમ મોદીને મળ્યા બાદ, મુખ્યમંત્રી યોગી બપોરે ૩:૩૦ વાગ્યે ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સાથે મુલાકાત કરે તેવી અપેક્ષા છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ઉત્તર પ્રદેશમાં મંત્રીમંડળ વિસ્તરણ અંગે ચર્ચાઓ વેગ પકડી રહી છે.

પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હોવાથી, રાજ્ય મંત્રી પરિષદનું લાંબા સમયથી પડતર વિસ્તરણ અને સંગઠનમાં ફેરફાર પાર્ટીના એજન્ડામાં આગળ છે. મંત્રીમંડળનું વિસ્તરણ ૧૪-૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મકરસંક્રાંતિના તહેવાર પછી થવાની સંભાવના છે.

આ ઉપરાંત, કમિશન, બોર્ડ અને પરિષદોમાં રાજકીય નિમણૂકોની પ્રક્રિયા પણ ટૂંક સમયમાં શરૂ થશે.

તાજેતરના ભૂતકાળમાં ભાજપમાં ઘણા ફેરફારો

ભાજપમાં તાજેતરના ભૂતકાળમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે. તાજેતરમાં, ભાજપે નીતિન નવીનને રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા, જ્યારે ઉત્તર પ્રદેશમાં, પંકજ ચૌધરીને નવા પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ઉત્તર પ્રદેશ ભાજપ પ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવનારા પંકજ ચૌધરી એકમાત્ર નેતા હતા.

વધુમાં, ભાજપ સમાચારમાં હતું જ્યારે ઘણા બ્રાહ્મણ ધારાસભ્યો એકસાથે ભોજન સમારંભમાં હાજરી આપી હતી. આનાથી ઉત્તર પ્રદેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો, અને આ મામલો દિલ્હી સુધી પહોંચ્યો. હકીકતમાં, થોડા દિવસો પહેલા પી.એન. પાઠકના લખનૌ નિવાસસ્થાને બ્રાહ્મણ ભાજપ ધારાસભ્યોની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકને "સહભોજ" (સમુદાય ભોજન સમારંભ) કહેવામાં આવતું હતું. લગભગ ૪૦ ધારાસભ્યો અને સ્ન્ઝ એ બેઠકમાં હાજરી આપી હતી.

હકીકતમાં, આ બેઠક પણ સમાચારમાં હતી કારણ કે આ બેઠકના થોડા સમય પહેલા, ઠાકુર ધારાસભ્યોએ પણ બે બેઠકો યોજી હતી. રાજ્ય સરકારના મંત્રીઓ જયવીર સિંહ અને દયાશંકર સિંહ, અન્ય મંત્રીઓ અને ધારાસભ્યો સાથે બેઠકમાં હાજરી આપી હતી. ભૂતપૂર્વ સાંસદ રાજવીર સિંહ રાજુ ભૈયાએ ધારાસભ્યો, સાંસદો અને લોધ સમુદાયના નેતાઓનું એક સંમેલન પણ યોજ્યું હતું. જોકે, તે સમયે પાર્ટીએ કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો. કુર્મી બૌદ્ધિક વિચાર મંચના બેનર હેઠળ ભાજપના કુર્મી ધારાસભ્યોએ પણ આવી જ બેઠક યોજી હતી. તેમ છતાં, મુદ્દો વકર્યો નહીં.

યુપી મંત્રીમંડળનું વિસ્તરણ ટૂંક સમયમાં થવાની શક્યતા

૩૦ ડિસેમ્બરે લખનૌમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિવાસસ્થાને યોજાયેલી ભાજપ કોર કમિટીની બેઠકમાં રાજ્ય મંત્રીમંડળમાં સમાવેશ માટે સંભવિત નામોની ચર્ચા કરવામાં આવી હતી. નવનિયુક્ત રાજ્ય ભાજપ પ્રમુખ પંકજ ચૌધરી હાજર રહ્યા હતા અને બાદમાં દિલ્હીમાં પાર્ટી નેતૃત્વ સાથે ચર્ચા કરી હતી.

એ નોંધવું જોઈએ કે યુપી સરકારમાં હાલમાં મુખ્યમંત્રી સહિત ૫૪ મંત્રીઓ છે, જ્યારે મહત્તમ ૬૦ મંત્રીઓની સંખ્યા માન્ય છે. વધુમાં, ૨૦૨૭ની ચૂંટણી પહેલા આ છેલ્લો વિસ્તરણ હોવાની અપેક્ષા છે.

# ટ્રમ્પે પુતિનના નિવાસસ્થાન પર યુક્રેનના હુમલાના ક્રેમલિનના દાવાને નકારી કાઢ્યો

વોશિંગ્ટન,
એરફોર્સ વનમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીઓએ તારણ કાઢ્યું છે કે યુક્રેને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે જોડાયેલા નિવાસસ્થાન પર ડ્રોન હુમલો કર્યો નથી. આ ક્રેમલિનના દાવાથી સીધો વિરોધાભાસ છે, જેના પર ટ્રમ્પે શરૂઆતમાં ચિંતા સાથે પ્રતિક્રિયા આપી હતી. રશિયન વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવે આરોપ લગાવ્યો હતો કે યુક્રેને નોવગોરોડ ક્ષેત્રમાં પુતિનના રાજ્ય નિવાસસ્થાન તરફ ડ્રોનનો એક મોજું મોકલ્યું હતું, અને ઉમેર્યું હતું કે રશિયન સંરક્ષણ પ્રણાલીઓએ તેમને સફળતાપૂર્વક નિષ્ક્રિય કર્યા હતા. લવરોવે શાંતિ વાટાઘાટોના મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન કથિત રીતે હુમલો શરૂ કરવા બદલ કિવની પણ ટીકા કરી હતી.

ફ્લોરિડા વાટાઘાટો પછી ઝેલેન્સકીએ આરોપનો ઈનકાર કર્યો હતો

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુદ્ધને સમાપ્ત કરવા માટે વોશિંગ્ટનની વિકસિત ૨૦-પોઈન્ટ યોજનાની ચર્ચા કરવા માટે ફ્લોરિડામાં ટ્રમ્પને મળ્યાના એક દિવસ પછી જ રશિયન દાવો સામે આવ્યો હતો. ઝેલેન્સકીએ તરત જ આ આરોપને નકારી કાઢ્યો હતો. ફ્લોરિડામાં બે અઠવાડિયા પછી વોશિંગ્ટન પરત ફરતી વખતે ટ્રમ્પે આ અવિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, "મને નથી લાગતું કે હુમલો થયો હતો,".

યુરોપિયન રાજદ્વારીઓએ દલીલ કરી હતી કે મોસ્કોનો આરોપ ચાલી રહેલા શાંતિ પ્રયાસોને નબળા પાડવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ હતો. ટ્રમ્પે શરૂઆતમાં રશિયન દાવાને ગંભીરતાથી લીધા હોવાનું સ્વીકાર્યા પછી આ મૂલ્યાંકન પર વાત કરી. તેમણે ગયા સોમવારે કહ્યું હતું કે પુતિને ફોન કોલમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો, અને ટ્રમ્પ તે સમયે "ખૂબ ગુસ્સે" હતા. જોકે, અઠવાડિયાના મધ્ય સુધીમાં, ટ્રમ્પ પોતાનો પ્રતિભાવ ઓછો કરી રહ્યા હોય તેવું લાગતું હતું. બુધવારે, તેમણે ન્યૂ યોર્ક પોસ્ટના એક સંપાદકીય વિભાગને શેર કર્યો જેમાં રશિયાના દાવાની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. સંપાદકીય વિભાગે પુતિન પર "જૂઠાણું, નફરત અને મૃત્યુ" પસંદ કરવાનો આરોપ મૂક્યો હતો જ્યારે ટ્રમ્પે સૂચવ્યું હતું કે બંને પક્ષો સંભવિત શાંતિ કરારની પહેલા કરતાં વધુ નજીક છે.

# ભારતના પ્રથમ સ્વદેશી પ્રદૂષણ નિયંત્રણ જહાજ 'સમુદ્ર પ્રતાપ' કોસ્ટ ગાર્ડને અર્પણ

પણજી,
ભારતની દરિયાઈ સરહદોની સુરક્ષા અને પર્યાવરણીય સંરક્ષણ તરફ સોમવારે એક નવો અધ્યાય ઉમેરાયો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે દક્ષિણ ગોવાના વાસ્કોમાં ગોવા શિપયાર્ડ લિમિટેડ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ સાથે સેવામાં દેશના પ્રથમ સ્વદેશી પ્રદૂષણ નિયંત્રણ જહાજ 'સમુદ્ર પ્રતાપ' ને ઔપચારિક રીતે કાર્યરત કર્યું.

અધિકારીઓએ જણાવ્યું કે આ જહાજ ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યું હતું. ૧૧૪.૫ મીટર લાંબા જહાજમાં ૬૦ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી છે. આ જહાજનું વજન ૪,૨૦૦ ટન છે અને તેની ગતિ ૨૨ નોટથી વધુ છે. આ જહાજ દરિયાઈ પ્રદૂષણ નિયંત્રણ નિયમો, દરિયાઈ કાયદા અમલીકરણ, શોધ અને બચાવ કામગીરી અને ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રના રક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ડિસેમ્બરમાં જીએસએલ ખાતે આ જહાજને ઔપચારિક રીતે કોસ્ટ ગાર્ડને સોંપવામાં આવ્યું હતું.

સંરક્ષણ પ્રધાન સિંહે સોમવારે દક્ષિણ ગોવાના વાસ્કોમાં જીએસએલ ખાતે આ જહાજને કાર્યરત કર્યું. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, કેન્દ્રીય સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને આઈસીજીના ડિરેક્ટર જનરલ પરમેશ શિવમણિ આ પ્રસંગે હાજર હતા. સિંહે કહ્યું, "ભારત માને છે કે દરિયાઈ સંસાધનો કોઈ એક દેશની મિલકત નથી, પરંતુ માનવતાનો સહિયારો વારસો છે." તેમણે ઉમેર્યું, "જ્યારે વારસો વહેંચવામાં આવે છે, ત્યારે જવાબદારી પણ વહેંચવામાં આવે છે. આ જ કારણ છે કે ભારત આજે એક જવાબદાર દરિયાઈ શક્તિ બની ગયું છે." સિંહે એમ પણ કહ્યું કે મહિલાઓની પૂરતી ભાગીદારી સુનિશ્ચિત કરવી એ તેમની સરકારનું લક્ષ્ય છે.

તેમણે કહ્યું, "મને ખુશી છે કે કોસ્ટ ગાર્ડ આ દિશામાં આગળ વધ્યું છે અને મહિલા સશક્તિકરણ પર સંપૂર્ણ ધ્યાન આપ્યું છે, અને આ આપણા માટે ગર્વની વાત છે." તેમણે કહ્યું કે મહિલા અધિકારીઓને પાઈલટ, નિરીક્ષક, હવાઈ ટ્રાફિક નિયંત્રકો અને લોજિસ્ટિક્સ અધિકારીઓ જેવા મહત્વપૂર્ણ પદો પર નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું, "માત્ર આ જ નહીં, તેમને હોવરક્રાફ્ટ કામગીરીમાં તાલીમ આપવામાં આવી રહી છે. તેમને ફ્રન્ટલાઈન કામગીરીમાં સક્રિય રીતે તૈનાત કરવામાં આવી રહી છે. આજે, મહિલાઓ માત્ર સહાયક ભૂમિકાઓમાં જ નહીં પરંતુ ફ્રન્ટલાઈન યોદ્ધાઓ તરીકે પણ સેવા આપી રહી છે.આઈસીજીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'સમુદ્ર પ્રતાપ'નો સમાવેશ જહાજ અને દરિયાઈ ક્ષમતા વિકાસમાં ભારતની 'સ્વનિર્ભરતા' તરફ એક મોટું પગલું છે.

# પીઓકે સહિત સમગ્ર જમ્મુ અને કાશ્મીરને ભારત સાથે જોડવું જોઈએ,બ્રિટિશ સાંસદ

## બ્રિટિશ સાંસદ બોબ બ્લેકમેને જમ્મુ અને કાશ્મીર પર ભારતના વલણ માટે તેમના લાંબા સમયથી સમર્થનનો પુનરોચ્ચાર કર્યો

જયપુર,
બ્રિટિશ સાંસદ બોબ બ્લેકમેને જમ્મુ અને કાશ્મીર પર ભારતના વલણ માટે તેમના લાંબા સમયથી સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે. બ્લેકમેને પાકિસ્તાનના પીઓકે પર ગેરકાયદેસર કબજાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે સમગ્ર જમ્મુ અને કાશ્મીરને ભારત સાથે જોડવું જોઈએ. તેમણે કહ્યું કે કલમ ૩૭૦ રદ કરવાની તેમની માંગ ત્રણ દાયકાથી વધુ જૂની છે અને તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના ૨૦૧૯ના નિર્ણય સાથે જોડાયેલી નથી. જયપુરમાં કોન્સ્ટિટ્યુશનલ ક્લબ ખાતે એક હાઈ-ટી કાર્યક્રમમાં બોલતા, બ્લેકમેને કહ્યું કે તેમનું વલણ ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં, ખાસ કરીને કાશ્મીર ખીણમાંથી કાશ્મીરી પંડિતોના હિજરત પછી રચાયું હતું.

બોબ બ્લેકમેને કહ્યું, "મેં ફક્ત ત્યારે જ કલમ ૩૭૦ નાબૂદ કરવાની વાત કરી ન હતી જ્યારે વડા પ્રધાન મોદીએ તેને તેમના મેનિફેસ્ટોમાં સામેલ કરી અને તેનો અમલ કર્યો. મેં ૧૯૯૨માં તેના વિશે વાત કરી હતી, જ્યારે કાશ્મીરી પંડિતોને જમ્મુ અને કાશ્મીરમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા." તે સમયે તેમની સક્રિયતાને યાદ કરતા, બ્રિટિશ સાંસદે કહ્યું કે બ્રિટનમાં વિસ્થાપિત સમુદાય દ્વારા થતા અન્યાય તરફ ધ્યાન દોરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. "અમે તે સમયે એક મોટી સભા યોજી હતી જેથી લોકોને કહી શકાય કે આ ખોટું છે, આ અન્યાય છે, કે લોકોને ફક્ત તેમના ધર્મના કારણે તેમના પૂર્વજોના ઘરોમાંથી હાંકી કાઢવામાં આવી રહ્યા છે," બ્લેકમેને કહ્યું.

બ્રિટિશ સાંસદે કહ્યું કે તેમણે આ પ્રદેશમાં આતંકવાદની સતત નિંદા કરી છે અને જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગો પર પાકિસ્તાનના નિયંત્રણની ટીકા કરી છે. "મેં ફક્ત જે આતંકવાદ થઈ રહ્યો છે તેની જ નિંદા કરી નથી, પરંતુ જમ્મુ અને કાશ્મીર રાજ્યના કેટલાક ભાગો પર પાકિસ્તાનના ગેરકાયદેસર કબજાની પણ નિંદા કરી છે," બ્લેકમેને કહ્યું. "મેં શરૂઆતથી જ કહ્યું છે કે સમગ્ર જમ્મુ અને કાશ્મીર રાજ્યને ભારતીય શાસન હેઠળ ફરીથી જોડવું જોઈએ."

સૌરાષ્ટ્ર આસપાસ



તસવીર : ધવલ વાજા

# બજરંગદાસ બાપાના ૪૯માં પુણ્યતિથિ મહોત્સવ નિમિતે બગદાણામાં ઉમટયું ભક્તોનું ઘોડાપૂર

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ખાતે આજે સંત શિરોમણી પૂજ્ય બજરંગદાસ બાપાની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે ભક્તિમય માહોલ જામ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ 'બાપા'ના દર્શન કરવા અને ગુરુવંદના કરવા બગદાણા ધામ ખાતે ઉમટી પડ્યા છે.

બાપાની પુણ્યતિથિ મહોત્સવના પવિત્ર દિવસે આજે ગુરુ આશ્રમ ખાતે વહેલી સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છેઃ જેમાં વહેલી સવારે બ્રહ્મ મુહૂર્તમાં બાપાની ભવ્ય મંગલા આરતી સાથે મહોત્સવનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ ગુરુ પૂજન અને પૂજ્ય બાપાની પાદુકાનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન કરવામાં આવ્યું હતું.તેમજ મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ ભક્તિભાવ પૂર્વક સંપન્ન થયો હતો.

બગદાણા ધામ તેની અતૂટ ભોજન પરંપરા માટે જાણીતું છે. પુણ્યતિથિ નિમિત્તે અહીં આવતા લાખો ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. હજારો સ્વયંસેવકો રાત-દિવસ સેવા આપી રહ્યા છે જેથી કોઈ પણ ભક્ત પ્રસાદ લીધા વિના પરત ન જાય. લાડુ, ગાંઠિયા અને શાકનો શુદ્ધ પ્રસાદ શ્રદ્ધાળુઓને પીરસવામાં આવી રહ્યો છે. લાખોની મેદનીને ધ્યાનમાં રાખીને ભાવનગર જિલ્લા પોલીસ પ્રશાસન અને મંદિર ટ્રસ્ટ દ્વારા સુરક્ષાના કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે. ભક્તોને દર્શન કરવામાં સરળતા રહે તે માટે અલગ-અલગ કતારોની વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમન માટે ખાસ પાર્કિંગ પ્લોટ્સ બનાવવામાં આવ્યા છે. ભક્તોને બગદાણા જવા- આવવા માટે ભાવનગર એસટી વિભાગ દ્વારા વધારાની ખાસ બસો પણ દોડાવવામાં આવી રહી છે.

**લાખો શ્રદ્ધાળુઓ બાપાના દર્શન કરી અને મહાપ્રસાદ લઈને ધન્ય થયાઃ બગદાણામાં જામ્યો ભક્તિમય માહોલઃ પોલીસ પ્રશાસન અને મંદિર ટ્રસ્ટ દ્વારા સુરક્ષાના કડક બંદોબસ્ત**

## વીઝીબીલીટીની સમસ્યા વચ્ચે પણ ફ્લાઇટના ઓપરેટિંગમાં વિઘ્ન નહીં આવે, મોટા વિમાનોના સંચાલન માટે પણ એરપોર્ટ કાર્યક્ષમ

# ....હવે માત્ર ફ્લાઈટની રાહ !

**૨૬ જાન્યુઆરીથી મુંબઈની ફ્લાઈટ શરુ થવાની વાતો વચ્ચે હજુ સુધી સ્ટાફનું પોસ્ટિંગ નહીં, બુકિંગના એંધાણ પણ નહીં**



ભાવનગર,તા.૬

ભાવનગરનું મુંબઈ અને પુના સાથેની હવાઈ કનેક્શન ને ઘી એન્ડ થયું તેને આજકાલ કરતા ૬ મહિના થયા પરંતુ હજુય મુંબઈની ફ્લાઈટ શરૂ થવાનું સાચું મુહર્ત નીકળતું જ નથી, ઈન્ડિગો દ્વારા ૨૬ જાન્યુઆરીથી ભાવનગરની વિમાની સેવા પુનઃ ચાલુ થઈ રહી હોવાની વાતો વચ્ચે હજુ સુધી તેને અનુરૂપ કોઈ કામગીરી જોવા મળી નથી. ભાવનગર ખાતે સ્ટાફની નિમણૂક સહિતની ગોઠવવાની થતી વિવિધ વ્યવસ્થાના હજુ ઠેકાણા નથી. બુકીંગ પણ ખુલ્લું મુકાયું નથી. જાણકારોના મતે નવો શિડ્યુલ શરુ કરતા પૂર્વે મિનિમમ ૨૦ દિવસનો સમય સેટઅપ માટે હોવો જોઈએ જે હવે રહ્યો નથી.

જોકે, ફ્લાઈટ જ્યારે શરૂ થાય ત્યારે પરંતુ એરપોર્ટ ઓથોરિટી દ્વારા ફ્લાઈટના ઓપરેટિંગ માટે સજ્જતા જોવા મળી રહી છે. ભાવનગર એરપોર્ટ ઓથોરિટી બોઈંગ ૭૩૭ અને એરબસ ૩૨૦ જેવા મોટા વિમાનો ઓપરેટ કરી ચૂક્યું છે. આમ, કોઈ પણ નાના કે મોટા હવાઈ જહાજ માટેના સંચાલન માટે એરપોર્ટ ઓથોરિટી સજ્જ છે. વધુમાં ભાવનગર એરપોર્ટ પર અપડેટ વર્ઝનનું લેન્ડિગ સિસ્ટમ ઈન્સ્ટ્રુમેન્ટ (આઈએલએસ) લગાવી દેવાયું છે, નવા ઈન્સ્ટુમેન્ટની મદદથી વિઝિબિલિટીનો પ્રશ્ન હશે ત્યારે પણ પાયલોટને સરળતાથી ફ્લાઈટ ટેકઓફ અને લેન્ડિગ થઈ શકે તે રીતની મદદ મળી રહેશે.એરપોર્ટ ડિરેક્ટર તપન નાયકે જણાવ્યું કે, આ ઈન્સ્ટુમેન્ટ સર્ટી ફાઈ થાય એટલે તેનો ઉપયોગ શરૂ કરી શકાશે. એરપોર્ટ ડાયરેક્ટરે વધુમાં ઉમેર્યુ કે, ?ભાવનગર એરપોર્ટ માત્ર નાના જ નહી પણ મોટા કોમર્શિયલ વિમાનો ઉતારવા માટે પણ સક્ષમ છે.

# ઘોઘારોડના રહેણાંકના મકાનમાંથી દારૂની ૨૩૭ બોટલ સાથે સુભાષનગરનો શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૬

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શહેરના ઘોઘારોડ વિસ્તારના રહેણાંક મકાનમાં બાતમીના આધારે દરોડો કરતા ૨૩૭ દારૂની બોટલ સાથે પરપ્રાંતીય શખ્સ મળી આવતા તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ભાવનગર LCB ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસ સ્ટાફના માણસોને મળેલી બાતમીના આધારે ઘોઘા રોડ મોખડાજી સર્કલ નજીક આવેલ એક રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરી હતી, રેડ દરમિયાન પોલીસને મોટી માત્રામાં પરપ્રાંતિય વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી અંદાજે રૂપિયા ૪૦,૦૦૦ કિંમતના કુલ ૨૩૭ બોટલ વિદેશી દારૂ તેમજ ૧૦,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન કબજે કર્યો હતો.આ કાર્યવાહી દરમિયાન શહેરના સુભાષનગર રજપૂતવાડા વિસ્તારમાં રહેતા કરણ મોરી નામના શખસને પોલીસ દ્વારા દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી કરણ મોરી વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો તેમજ અન્ય કોઈ શખસની સંડોવણી છે કે નહીં તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# દિલ્હીથી પતિને શોધવા પાલીતાણા આવેલી મહિલા એ દર દર ઠોકર ખાધી, આખરે ટીમ અભયમ મદદે પહોંચી

**લવમેરેજ કરનાર મહિલાને મૂકી પતિ પાલીતાણા આવતો રહ્યો, પત્નીએ પતો લગાવ્યો તો ખબર પડી કે તે અગાઉથી પરિણીત છે : કડકડતી ઠંડીમાં મહિલાએ બે ભુલકાઓ સાથે પાલીતાણા બસ સ્ટેન્ડમાં બે રાત વિતાવી**

ભાવનગર,તા.૬

દિલ્હીમાં મહિલા સાથે લવમેરેજ કર્યા બાદ પતિ તેની પત્ની અને બે માસુમ બાળકોને મૂકી પાલીતાણા આવતો રહ્યો હતો આથી પતિને શોધવા મહિલા દિલ્હીથી પાલીતાણા આવી હતી પરંતુ પતિનો પાટો નહિ લાગતા મહિલાએ દર દર ઠોકર ખાવાનો વારો આવ્યો હતો અને પાલીતાણાના બસ સ્ટેન્ડમાં જ બે માસુમ બાળકો સાથે કડકડતી ઠંડીમાં રાત વિતાવી હતી આખરે ટીમ અભયમ મદદે પહોંચતા તેમને સુરક્ષિત આશ્રય મળ્યો હતો.

ગુજરાત રાજ્યમાં મહિલાઓની સુરક્ષા, સહાય અને સશક્તિકરણ માટે કાર્યરત ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈન કટોકટીની પરિસ્થિતિઓમાં માત્ર તાત્કાલિક મદદ જ નથી કરતી, પરંતુ માનસિક સહારો, કાઉન્સેલિંગ તથા સલામત આશ્રય ઉપલબ્ધ કરાવી મહિલાઓ માટે આશાનું કિરણ બની રહી છે. ઘરેલુ હિંસા, છેડતી, બાળલગ્ન કે અન્ય કોઈ પણ પ્રકારની મુશ્કેલીમાં ફસાયેલ મહિલાઓ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન સાચા અર્થમાં સંજીવની સમાન સાબિત થઈ રહી છે.આવી જ એક ઘટના તાજેતરમાં પાલીતાણા શહેરમાં સામે આવી હતી, જેમાં દિલ્હીથી આવેલી એક મહિલાને ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા સમયસર મદદ અને આશ્રય આપવામાં આવ્યો હતો.

તારીખ ૩ જાન્યુઆરીના રોજ પીડિત મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફોન કરી જણાવ્યું હતું કે તેઓ પોતાના પતિને શોધવા માટે દિલ્હીથી પાલીતાણા આવ્યા છે, પરંતુ પતિનો કોઈ સંપર્ક થઈ રહ્યો નથી અને તેઓ સંપૂર્ણ રીતે નિરાધાર સ્થિતિમાં છે. આથી પીડિતાને અભ્યમ ટીમની તાત્કાલિક મદદની જરૂર હતી. માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પલાઈન ટીમના કાઉન્સેલર ચંદ્રિકા મકવાણા, પાયલોટ પ્રદીપભાઈ પરમાર તથા મહિલા કોન્સ્ટેબલ નિશાબા ગોહિલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. સ્થળ પર પહોંચ્યા બાદ પીડિતાની વિગતવાર વાતચીત અને પરિસ્થિતિની તપાસ કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પીડિતાબેનના લગ્નને પાંચ વર્ષ થઈ ચૂક્યા છે અને તેઓ પોતાના પતિ સાથે દિલ્હીમાં રહેતા હતા. લવ મેરેજ હોવાને કારણે પતિના પરિવારજનો પીડિતાને સ્વીકારતા ન હોવાથી પરિવારના દબાણના કારણે પતિ છેલ્લા બે વર્ષથી પાલીતાણામાં

અનુસંધાન ૯

# સિહોરના રાજપરાનો શખ્સ નકલી ચલણી નોટ સાથે ઝડપાયો

**રૂ.૨૦૦ના દરની નકલી નોટો અમદાવાદના શખ્સે આપી હોવાની કબૂલાત**



ભાવનગર,તા.૬

ભાવનગરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે સિહોરના રાજપરાના શખ્સને ભાવનગરના સ્ટેશન રોડ પરથી નકલી ચલણી નોટ સાથે ઝડપી લીધો હતો. એલસીબીને મળેલી બાતમીના આધારે શખ્સને ઝડપી લઈ તલાશી લેતા રૂ.૨૦૦ ના દરની ૩૪૩ નકલી ચલણી નોટોમળી આવી હતી.પોલીસે મોબાઈલ અને સ્કુટર સહિત રૂ.૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, ૫ જાન્યુઆરીના રોજ ભાવનગર LCB સ્ટાફને બાતમી મળી હતી કે, શહેરના રેલવે સ્ટેશન રોડ નજીક રાજપરા (ખોડિયાર)નો રહેવાસી અજય ઉર્ફે ઘુઘો પોપટભાઈ બુધેલીયા એકસેસ મોપેડ લઈને ઉભો છે અને તેની પાસે ડુપ્લીકેટ નોટો છે. આ ડુપ્લીકેટ ચલણી નોટો બજારમાં વટાવવા માટે ઉભો છે. આ બાતમી આધારે LCBએ તેની તપાસ કરતાં અજય ઉર્ફ ઘુઘો પોપટભાઈ બુધેલીયા પાસેથી ડુપ્લીકેટ ચલણની નોટો મળી આવી હતી.

LCBએ આરોપી અજય પાસેથી નકલી ૩૪૩ નોટ, અસલ રૂ.૨૦૦ની ૨ નોટ, રૂ.૧૦૦ની ૪ નોટ એક કુલ રૂપિયા ૮૦૦ અને એક રેડમી કંપનીનો મોબાઈલ જેની કિં. રૂ.૫૦૦૦, એકસેસ મોપેડ કિં. રૂ.૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અજય વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.

આ અંગે ઝડપાયેલા આરોપી અજય ઉર્ફે ઘૂઘોને ડુપ્લીકેટ નોટ ક્યાંથી અને કોની પાસેથી લેવામાં આવી છે, તે અંગેની પૂછપરછ કરતા અમદાવાદ નારોલ વિસ્તારનો રહેવાસી ચિંતનભાઈ અનિલભાઈ કનોજીયા પાસેથી ડુપ્લીકેટ નોટો મેળવી હોવાનું સામે આવ્યું હતું. ત્યારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તે આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અજય ઉર્ફ ઘુઘો પોપટભાઈ બુધેલીયાએ પકડવાના બાકી આરોપી અમદાવાદ નારોલનો રહેવાસી ચિંતન અનિલભાઈ કનોજીયા પાસેથી ડુપ્લીકેટ નોટો મેળવી અસલ ચલણી નોટો સાથે ભેળવી બજારમાં વટાવી ગુનો કરવાની એમ.ઓ.ધરાવે છે.તેમ ખુલ્યું હતું. આ બનાવમાં નિલમબાગ પોલીસ મથકના પીએસઆઈ મકવાણા વધુ તાપસ ચલાવી રહ્યા છે.

# ભારતમાં પ્રથમ : ભાવનગરને મળી અત્યાધુનિક કેન્સર સ્ક્રીનિંગ વાન, ૧૦ પ્રકારના કેન્સરની થઇ શકશે પ્રાથમિક તપાસ

**આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગાંધીનગરથી કરશે ફ્લેગ ઓફ : રેડક્રોસ સંસ્થાને જેનબર્કટ દ્વારા અત્યાધુનિક વાન ભેટ મળી જે ભાવનગરના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી કેન્સરનું કરશે નિદાન**



ભાવનગર,તા.૬

દેશમાં વધી રહેલા કેન્સર રોગના દર્દીઓની સંખ્યા વધી રહી છે ત્યારે ને લોકોની ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી પહોંચી કેન્સરનું સમયસર નિદાન કરી આપવા ભાવનગર રેડક્રોસ સંસ્થાને જેનબર્કટ દ્વારા અત્યાધુનિક વાન ભેટ મળી છે જેની સુવિધા અને તેમાં રહેલા વિદેશી અત્યાધુનિક સાધનોને કારણે આ વેન સમગ્ર દેશમાં પ્રથમ છે. કેન્સરનું વહેલું નિદાન થવાથી સારવારમાં પણ ઓછી તકલીફો રહે છે. તેવા હેતુથી ભારતમાં પ્રથમ વખત જેનબર્કટ દ્વારા આ આશા વેન ભેટ અપાઈ છે જે ૧૦ પ્રકારના કેન્સરના વહેલા નિદાન અને પ્રાથમિક તપાસમાં જોખમી ચિહ્નોને ઓળખને આગળની જરૂરી તપાસ માટે નિર્દેશ આપશે. આ વાનનું લોકાર્પણ તા.૮ જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ફ્લેગ ઓફ કરાવીને લોકાર્પણ કરાશે. આ પ્રસંગે જેનબર્કટના મેનેજીંગ ડાયરેકટર આશીષભાઈ ભુતા તેમજ રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના ચેરમેન અજયભાઈ પટેલ, રેડક્રોસ ભાવનગરના ચેરમેન ડો મિલનભાઈ દવે, વાઈસ ચેરમેન સુમિતભાઈ ઠક્કર, સેક્રેટરી વર્ષાબેન લાલાણી તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહશે.

ભારતની પ્રથમ ૧૦ પ્રકારના કેન્સર સ્ક્રીનિંગ વેન દ્વારા ગ્રામ્ય વિસ્તારો સુધી વિશ્વસ્તરીય નિદાન સેવાઓ પહોંચશે જે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પિત થયેલી એક ઐતિહાસિક પહેલ હેઠળ, જેનબર્ક્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા જેનબર્ક્ટ આશા વેન (આશાનું પ્રતિક – વ્હીલ્સ પર આશા)ની કલ્પના કરીને તેનો દાન કરવામાં આવ્યો છે. આ વેન ભારતની પ્રથમ અદ્યતન મોબાઈલ કેન્સર સ્ક્રીનિંગ વેન છે, જે ૧૦ વિવિધ પ્રકારના કેન્સરની તપાસ કરવાની ક્ષમતા ધરાવે છે. આ વેનનું સંચાલન અને જાળવણી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા કરવામાં આવશે.

જેનબર્ક્ટ આશા વેન આરોગ્ય સેવાઓમાં રહેલી અસમાનતા દૂર કરવાનો પ્રયાસ કરે છે. અગાઉ માત્ર દેશની અગ્રણી હોસ્પિટલોમાં ઉપલબ્ધ એવી અદ્યતન નિદાન સુવિધાઓ હવે ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચશે. આ વેન દ્વારા સ્તન, ગર્ભાશય ગ્રીવા (સર્વાઈકલ), મોં, રક્ત, પ્રોસ્ટેટ, વીર્યાશય (ટેસ્ટિક્યુલર), અગ્નાશય (પેન્ક્રિયાટિક), યકૃત (લિવર), કોલોરેક્ટલ અને ફેફસાં સહિત ૧૦ અંગોમાં થતા મહત્વપૂર્ણ કેન્સરની પ્રાથમિક તપાસ કરવામાં આવશે.

## જિલ્લામાં કેન્સર સ્કિનિંગ કેમ્પો યોજી શકાશે

ભાવનગર જિલ્લામાં કેન્સર સ્કિનિંગ કેમ્પોનું આયોજન કરવા માટે સમુદાય સંસ્થાઓ, કંપનીઓ અને જૂથો ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, દીવાનપરા રોડ,ભાવનગરનો સંપર્ક કરી શકે છે અથવા મો.૯૫૩૭૯ ૫૪૮૪૮ અને ૯૪૨૯૪ ૦૬૨૦૨ ઉપર જરૂરી વિગતો મેળવી શકે છે.

## આશા વેનની ખાસિયત અને સુવિધાઓ

વેનમાં વિશ્વસ્તરીય EVA-Pro નિદાન સાધનો, સંપૂર્ણ મેમોગ્રાફી યુનિટ (CR સિસ્ટમ સાથે), થર્મોગ્રિડ ટેકનોલોજી અને આધુનિક IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુસજ્જ છે, જેના કારણે ગ્રામ્ય સમુદાયોને સમયસર અને જીવન બચાવતી તપાસ ઉપલબ્ધ થશે.આ વેનનું આંતરિક ડિઝાઈન ખાસ રીતે આશા અને આત્મવિશ્વાસ પ્રેરિત કરે તે માટે તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાં ક્લિનિકલ વાતાવરણની ઠંડકને બદલે સન્માનજનક, આરામદાયક અને માનવીય સ્ક્રીનિંગ અનુભવ મળે.આશા વેન દ્વારા કેન્સર માટે કાળજી સંકલન ઉપલબ્ધ રહેશે – જેમાં તબીબી ટીમ અને પેરામેડિકલ ટિમ દ્વારા સ્થળ પર પ્રાયમરી સ્ક્રીનિંગ, અસામાન્ય પરિણામો માટે તાત્કાલિક કાઉન્સેલિંગ, ભાવનગર,અમદાવાદ, વડોદરા અને સુરતના નિષ્ણાત ડોકટર અને ઑન્કોલોજિસ્ટ્સ સાથે ૨૪ કલાક વિશેષજ્ઞ સલાહ, સરળ રેફરલ સુવિધા અને સતત ટેલિ-કાઉન્સેલિંગ સેવાઓનો સમાવેશ થાય છે. આ સંકલિત અભિગમ સ્ક્રીનિંગને માત્ર એક પ્રક્રિયા નહીં પરંતુ સુવ્યવસ્થિત આરોગ્ય યાત્રાનો પ્રથમ સશક્ત પગથિયુ બની રહેશે.